CATECHISM
OF THE
METHODIST EPISCOPAL CHURCH.
No. 2.

મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીની

પ્રશ્નોત્તરાવળી.

અંક બીજો.

અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાંતર કરનારા,
THE REV. E. F. FREASE,
અને
આણંદરાવ બાળભટ શાસ્ત્રી.

Bombay Methodist Episcopal Board
of Publication.

1,000 COPIES.

૧૮૯૧.

મુંબઇમધ્યે: નિર્ણયસાગર છાપખાનામાં છપાઇ.

Price 1½ Anna. કિમ્મત દોઢ આનો.

મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીની

પ્રશ્નોત્તરાવળી.

અંક બીજો.

પ્રકરણ ૧.—દેવસંબંધી.

૧. તેના સ્વભાવ તથા ગુણ વિષે.

૧. તને કોણે ઉત્પન્ન કીધો?

દેવે.

દેવની પ્રતિમા પ્રમાણે તેણે તેને ઉત્પન્ન કીધું. ઉત્પ. ૧ : ૨૭. તારા હાતોએ મને બનાવ્યો તથા રચ્યો. ગી. ૧૧૯: ૭૩. પૃથ્વીને મેં કરી, ને તેપર માણસને મેં ઉત્પન્ન કીધું. યશા. ૪૫ : ૧૨.

૨. દેવ કોણ છે?

સર્વ પદાર્થનો ઉત્પન્ન કરનાર છે.

તું, તુંજ એકલો પ્રભુ; તેં આકાશને, આકાશોના આકાશને, ને તેઓનાં સર્વ સૈન્યોને, પૃથ્વીને તથા તે પરના

સર્વને, સમુદ્રોને તથા તેઓમાંનાં સર્વને, ઉત્પન્ન કીધાં. નહે. ૯ : ૬. દેવ જેણે ખ્રીસ્તને આસરે બધાં સુજ્યાં. એફે. ૩ : ૯. સર્વ તેનાથી તથા તેને સારૂ ઉત્પન્ન થયાં. કલો. ૧ : ૧૬. તેં સર્વ ઉત્પન્ન કીધાં, ને તારી ઇચ્છાને લીધે તેઓ હતાં, ને ઉત્પન્ન થયાં. પ્ર. ૪ : ૧૧.

૩. દેવ કેવો છે?

દેવ અનુત્પન્ન આત્મા છે.

દેવનો આત્મા પાણી પર હાલતો થયો. ઉત્પ. ૧ : ૨. દેવે મુસાને કહ્યું, કે હું જે તે છુંજ; ને તેણે કહ્યું તું ઈસ્રાયલ પુત્રોને કહે, કે જે છેજ તેણે મને તમારી પાસે મોકલ્યો છે. નિ. ૩ : ૧૪. દેવ આત્મા છે. યો. ૪ : ૨૪.

૪. દેવ ક્યાં છે?

દેવ સર્વ ઠેકાણે છે.

જુઓ, આકાશ તથા આકાશોના આકાશમાં તું સમાતો નથી. ૧. રા. ૮ : ૨૭. તારા આત્માથી હું ક્યાં જાઉં? કે તારી સન્મુખથી ક્યાં નાહાશું? જો હું આકાશમાં ચઢી જાઉં તો તું ત્યાં છે, ને હું મૃત્યુલોકમાં બિછાનું કરૂં, તોજો, તું. જો હું સકાળની પાંખો લેઉં, સમુદ્રના છેલ્લા ભાગોમાં રહું, ત્યાં પણ તારો હાથ મને ચલાવશે, ને તારો જમણો હાથ મને ઝાલશે. ગી. ૧૩૯ : ૭-૧૦. પ્રભુ કહેછે, હું કેવળ પા-

સેનો દેવ છું, ને આઘેનો દેવ નથી શું? ઈર્મે. ૨૩ : ૨૩. શું હું આકાશ તથા પૃથ્વીમાં ભરી રહેતો નથી? એવું પ્રભુ કહેછે. ઈર્મે. ૨૩ : ૨૪.

૫. દેવ શું જાણે છે?

દેવ સર્વજ્ઞ છે; તે સઘળું જાણેછે, આપણા અંતઃકરણના વિચારો પણ તે જાણેછે;–૧ યો. ૩:૨૦.

દેવ સામર્થ્યે તથા રહૃદયે પ્રતાપી છે. અયુબ ૩૬ : ૫. તું મારૂં બેસવું તથા ઉઠવું જાણે છે; તું વેગળાથી મારો વિચાર સમજે છે. તું મારી વાટને તથા શયનને તપાસે છે, ને મારા સર્વ માર્ગોનો માહિતગાર છે. કેમકે મારી જીભમાં શબ્દ નથી; જો પ્રભુ, તે તું પૂરો જાણે છે. ગી. ૧૩૯ : ૨–૪. હવે અમે જાણિયે છિયે કે તું સઘળાં જાણેછે. યો ૧૬ : ૩૦. પ્રભુ, તું સઘળાં જાણે છે. યો. ૨૧ : ૧૭. આહા દેવની સંપત્તિનું, તથા બુદ્ધિનું તથા જ્ઞાનનું ઉંડાપણું કેવું છે! રૂમી. ૧૧ : ૩૩.

૬. દેવ શું કરી શકેછે?

દેવ સર્વ સમર્થ છે; ને જેજે તે ઇચ્છે છે તે તે કરે છે.

અને અયુબે પ્રભુને ઉત્તર આપ્યું ને કહ્યું, તારાથી સર્વ કરાય છે. અયુબ. ૪૨ : ૧,૨. સામર્થ્ય દેવનુંજ છે. ગી. ૬૨: ૧૧. અમારો દેવ આકાશમાં છે; જે સર્વ તેણે ઇચ્છ્યું, તે તેણે કીધું. ગી. ૧૧૫ : ૩. જે સર્વ પ્રભુને ગમ્યું, તે તેણે કીધું, આકાશમાં તથા

પૃથ્વીમાં, સમોદ્રોમાં તથા સર્વ ઉંડાણોમાં. ગી. ૧૩૫: ૬. જો, હું પ્રભુ સર્વ દેહનો દેવ છું. શું મને કશી વાત અશક્ય છે? ઇર્મે. ૩૨. : ૨૭. દેવને સર્વ શક્ય છે. માર્ક. ૧૦ : ૨૭. તે સઘળાં પોતાને આધીન કરી શકેછે. ફિલિ. ૩ : ૨૧. પ્રભુ આપણો દેવ, જે સર્વ સમર્થ, તે રાજ્ય કરેછે. પ્ર. ૧૯ : ૬.

૭. દેવ કયારથી છે?

દેવ સનાતન છે; તે સર્વકાળથી રહેલો છે અને સર્વકાળ-સુધી રહેશે.

પ્રભુ સર્વકાળ ટકશે. ગી. ૯ : ૭. પર્વતો ઉત્પન્ન થયાની, ને તેં પૃથ્વીને તથા જગતને રચ્યાંની અગાઉ, અનાદ્યકાળથી અનંતકાળસુધી તું દેવ છે. ગી. ૯૦ : ૨. તારાં વર્ષો પેઢીઓની પેઢીસુધી. ગી. ૧૦૨ : ૨૪. મારાથી અગાઉ બનાવેલો દેવ નથી. યશા. ૪૩ : ૧૦. જે ઉંચો તથા બુલંદ, જે સનાતન કાળનો રહેવાસી,તે. યશા. ૫૭ : ૧૫. પ્રભુ દેવ જે છે ને હતો ને હોશે, જે સર્વ સમર્થ, તે એમ કહેછે કે, હું આલફા તથા ઓમેગા છું. પ્ર. ૧ : ૮.

૮. દેવનો સ્વભાવ કેવો છે?

"દેવ પ્રીતિ છે,"– ૧યો. ૪ : ૮.

પ્રભુ પુરાતન કાળથી મને દેખાયો, કે મેં સનાતન પ્રીતિએ તારાપર પ્રીતિ કીધી. ઈર્મે. ૩૧ : ૩. કેમકે દેવે જગતપર એટલી પ્રીતિ કીધી, કે

તેણે પોતાનો એકાકી જનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઈ તેપર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. યો. ૩ : ૧૬. પ્રીતિ તથા શાંતિનો દેવ તમારી સાથે થશે. ૨. કરીંથ. ૧૩ : ૧૧. દેવ પ્રીતિ છે, ને જે પ્રીતિમાં રહેછે તે દેવમાં ને દેવ તેનામાં રહેછે. ૧. યો. ૪ : ૧૬.

૯. શું દેવ પવિત્ર છે? **દેવ પવિત્ર છે; તે સર્વ દુષ્કર્મીઓનો દ્વેષ કરે છે.– ગી. ૫:૫.**

તેના પાયાસનની પાસે ભજો; માટે તે પવિત્ર છે. ગી. ૯૯ : ૫. પ્રભુ આપણો દેવ પવિત્ર છે. ગી. ૯૯ : ૯. પ્રભુ પોતાના સર્વ માર્ગોમાં ન્યાયી છે, ને પોતાનાં સર્વ કામોમાં પવિત્ર છે. ગી. ૧૪૫ : ૧૭. દેવ ન્યાયીઓનો ન્યાયાધીશ છે; ને દેવ દિનોદિન કોપાયમાન હોયછે. ગી. ૭ : ૧૧. દેવ જે પવિત્ર તે ન્યાયને લીધે પવિત્ર મનાયો છે. યશા. ૫ : ૧૬. ભુંડાપણું જોયા કર્ત્તાં તારી આંખો નિર્મળ છે; તું અવગુણને ધારી શકતો નથી. હબા. ૧ : ૧૩. ઓ પ્રભુ, તારાથી કોણ નહિ બિહીશે, ને તારા નામનો મહિમા કોણ નહિ કરશે ? કેમકે એકલો તું પવિત્ર છે. પ્ર. ૧૫ : ૪.

૧૦. શું દેવ દયાળુ છે? **"દેવ દયાળુ ત-**

હે ધણી, કૃપા તારી છે. ગી. ૬૨ : ૧૨. હે પ્રભુ, તારી ક-

થા કૃપાળુ છે, કોપમાં ધીમો, તથા કૃપામાં મોટો.–" ગી. ૧૦૩ : ૮.

રૂણા મોટી છે. ગી. ૧૧૯ : ૧૫૬. હે પ્રભુ, તારી કૃપા સર્વકાળસુધી રહેછે. ગી. ૧૩૮ : ૮. પ્રભુની કૃપાને લીધે અમે નષ્ટ થયા નથી, કેમકે તેની દયા ખુટી નથી. ઈર્મે. વિલાપ. ૩ : ૨૨. કેમકે જો કે તેણે દુ:ખ દીધું, તોપણ તે પોતાની ઘણી કૃપા પ્રમાણે દયા કરશે. ઈર્મે. વિલાપ. ૩ : ૩૨. કરૂણાનો બાપ તથા બધા દિલાસાનો દેવ. ૨. કરીંથી. ૧ : ૩. દેવ જે દયામાં ભરપૂર છે. એફ. ૨ : ૪. પોતાની દયા પ્રમાણે તેણે આપણને તાર્યા. તીત. ૩ : ૫. પ્રભુ ઘણો દયાળુ તથા કૃપાવાન છે. યાકુબ. ૫ : ૧૧.

૧૧. શું દેવ ન્યાયી છે?

દેવ ન્યાયી છે; તે ન્યાયીને બદલો આપેછે, અને દુષ્ટને સજા કરેછે.

જે સર્વ અમારાપર આવી પડ્યું, તેસંબંધી તું ન્યાયી; કેમકે તેં યથાર્થ કીધું, પણ અમે દુષ્ટકર્મ કીધું. નહે. ૯ : ૩૩. શું દેવ ન્યાય ફેરવે છે? ને સર્વ સમર્થ યથાર્થ ફેરવેછે? અયુબ. ૮ : ૩. તે સામર્થ્યે તથા ન્યાયે સાત્વિક છે, ને પુષ્કળ ન્યાયીપણાએ. અયુબ. ૩૭ : ૨૩. ન્યાય તથા ન્યાયકરણ તારા રાજ્યાસનનો વાસો છે. ગી. ૮૯ : ૧૪. હું ન્યાયી દેવ તથા ત્રાતા, મારા વિના કોઈ નથી.

યશા. ૪૫ : ૨૧. ન્યાયી પ્રભુ તે મધ્યે છે. સફનિ. ૩ : ૫. આપણાં પાપ માફ કરવા તે વિશ્વાસુ છે. ૧. યો. ૧ : ૯. એ દેશોના રાજા, તારા માર્ગ ન્યાયી તથા ખરા છે. પ્ર. ૧૫ : ૩.

૧૨ શું દેવ સત્ય છે? **તે "સત્યતાનો દેવ છે." યશા. ૬૫:૧૬. તેનાથી "જુઠું બોલાતું નથી." તીત. ૧ : ૨.**

દેવ માણસ નથી, કે તે મિથ્યાવાદ કહે. ગણ. ૨૩ :૧૯. સત્યનો દેવ; ને અન્યાયી નહિ; ન્યાયી તથા યથાર્થ છે. પુન. ૩૨ : ૪. તું ધણી, કરૂણાએ તથા કૃપાએ ભરપૂર દેવ છે, ક્ષમી, ને કૃપા તથા સત્યતામાં પૂર્ણ. ગી. ૮૬ : ૧૫. તારા મુખની સામાં કૃપા તથા સત્યતા જશે. ગી. ૮૯ : ૧૪. કેમકે પ્રભુ ઉત્તમ છે; તેની કૃપા અનંત છે, ને તેની સત્યતા પેઢી દરપેઢી સુધી. ગી. ૧૦૦ : ૫. દેવથી જુઠું કહેવાતું નથી. હેબ્રી. ૬ : ૧૮.

---

૨. દેવની વ્યકિત સંબંધી.

૧૩. શું એક કરતાં વધારે દેવ છે? **" એક વિના બી-**

ઇસ્રાઇલ, તું સાંભળ; પ્રભુ આપણો દેવ, પ્રભુ એક. પુન. ૬ : ૪. શું મારા વિના કોઈ

જો કોઈ દેવ નથી." ૧ કરીંથી. ૮ : ૪.

દેવ છે? ને કોઈ આશ્રો નથી, હું કોઈ જાણતો નથી. યશા. ૪૪ : ૮. હુંજ પ્રભુ છું, ને બીજો કોઈ નથી; મારા શિવાય કોઈ દેવ નથી. યશા. ૪૫ : ૫. હું દેવ છું, ને કોઈ બીજો નથી. યશા. ૪૬ : ૯. આપણને એકજ દેવ છે. ૧ કરીંથી. ૮ : ૬. દેવ એક છે. ગલાતી. ૩ : ૨૦. દેવ એટલે સર્વનો બાપ. એફ. ૪ : ૬. તું વિશ્વાસ કરછે કે, એક દેવ છે; તું સારૂં કરેછે. યાકુબ. ૨ : ૧૯.

૧૪. શું દેવપણામાં અનેક વ્યક્તિ છે?

દેવપણામાં ત્રણ વ્યક્તિ છે; એટલે બાપ, પુત્ર તથા પવિત્રઆત્મા; અને એ ત્રણ એકજ છે.– ૧ યો. ૫:૭.

હું તથા બાપ એક છિયે. યો. ૧૦ : ૩૦. જેણે મને દીઠો છે તેણે બાપને દીઠો છે. યો. ૧૪ : ૯. પવિત્ર આત્મા, જેને બાપ મારા નામથી મોકલી દેશે. યો. ૧૪ : ૨૬. પણ સંબોધક, જેને હું બાપની પાસેથી તમારી પાસે મોકલી દઈશ, એટલે સત્યનો આત્મા જે બાપની પાસેથી નીકળે છે, તે જ્યારે આવશે, ત્યારે મારા સંબંધી શાહેદી આપશે. યો. ૧૫ : ૨૬. ઓ બાપ, જગત થયા અગાઉ તારી પાસે મારો જે મહિમા હતો તેથી તું અમણા પોતાની પાસે મને મહિમાવાન કર. યો. ૧૭ : ૫. પીતર તે દર્શન

વિષે વિચારતો હતો ત્યારે આત્માએ તેને કહ્યું. પ્રે.૧૦ : ૧૯. દેવનો પવિત્ર આત્મા, જેણે તમને ઉદ્ધારના દહાડાને સારૂ મુદ્રિત કીધા, તેને ખેદિત ન કરો. એફ. ૪ : ૩૦. (આગળના ત્રણ ઉત્તરનાં પ્રમાણો તપાસી જુઓ.)

૧૫. શું બાપ દેવ છે? **"આપણને એક દેવ એટલે બાપ છે." ૧ કરીંથી. ૮ : ૬.**

અનાદી દેવ. પુન. ૩૩ : ૨૭. જાણશે કે તું, એકલું તારૂં નામ યહોવા સર્વ પૃથ્વી પર પરાત્પર. ગી. ૮૩ : ૧૮. આપણા સર્વનો એક બાપ નથી શું? એક દેવે આપણને ઉત્પન્ન કીધા નથી શું? મલા. ૨ : ૧૦. એક દેવ એટલે સર્વનો બાપ. એફ. ૪ : ૬. દેવ બાપમાં પવિત્ર કરાએલા. યહુ. ૧ : ૧.

૧૬. શું પુત્ર દેવ છે? **"ખ્રિસ્ત સર્વકાળ સુધી સહુ ઉપર સ્તુતિવાન દેવ છે." તે "ખરો દેવ છે.–" રૂમી. ૯ : ૫; ૧ યો. ૫ : ૨૦.**

કેમકે આપણને સારૂ છોકરો જન્મો છે, આપણને પુત્ર અપાયો છે, ને તેની ખાંધપર રાજ્યાધિકાર થશે, ને તેનું નામ આશ્ચર્ય, સુબોધક, પરાક્રમી દેવ, સર્વ કાળનો બાપ, શાંતિનો સરદાર કહેવાશે. યશા. ૯ : ૬. તેનું નામ તેઓ

ઈમાનુએલ પાડશે, જેનો અર્થ એ છે કે, દેવ આપણી સાથે. માત્થી. ૧ : ૨૩. આદિએ શબ્દ હતો, ને તે શબ્દ દેવ સાથે હતો, ને તે શબ્દ દેવ હતો. યો. ૧ : ૧. ઈશુખ્રીસ્ત દેવના રૂપમાં છતાં, દેવને સમાન હોવું એ પકડી રાખવાનું ચાહ્યું નહિ. ફિ. ૨ : ૫, ૬. ખ્રીસ્તમાં દેવપણાની સર્વે સંપૂર્ણતા શરીરરૂપે વસેછે. કલો. ૨ : ૯. દેવ દેહમાં પ્રગટ થયો. ૧. તીમો. ૩ : ૧૬. આપણા તારનાર દેવના ઉપદેશને શોભાવે. તીત. ૨ : ૧૦. દીકરાને તે કહેછે, ઓ દેવ તારૂં રાજ્યાસન સદાસર્વકાળ છે. હેબ્રી. ૧ : ૮ એથી આપણે પ્રેમને જાણ્યો છે, કાં જે તેણે પોતાનો પ્રાણ આપણી વતી આપ્યો. ૧. યો. ૩ : ૧૬.

૧૭. શું પવિત્ર આત્મા દેવ છે?

પવિત્ર આત્મા "સનાતન આત્મા" છે. હેબ્રી. ૯ : ૧૪.

દેવનો આત્મા પાણી પર હાલતો થયો. ઉત્પ. ૧ : ૨. દેવના આત્માએ મને બનાવ્યો. અયુબ. ૩૩ : ૪. તારા આત્માથી હું કયાં જાઉં? ગી. ૧૩૯ : ૭. પવિત્ર આત્મા, જેને બાપ મારા નામથી મોકલી દેશે, તે તમને બધાં શીખવશે. યો. ૧૪ : ૨૬. પીતરે કહ્યું કે, ઓ અનાનયા, પવિત્ર આત્માને જુઠું બોલવું, શેતાને તારા

મનમાં કેમ ભરચું છે? તેં માણસોને નહિ પણ દેવને જુહું કહ્યું. પ્રે. ૫ : ૩, ૪.

૧૮. કોણને નામે ખ્રીસ્તીઓનું બાપ્તિસ્મા થાયછે?

પવિત્ર ત્રીએક પણાને,—એટલે બાપ, તથા દીકરો તથા પવિત્ર આત્માને નામે. માત્થી. ૨૮:૧૯.

એ માટે તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ, તથા દીકરો તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. માત્થી. ૨૮:૧૯. પ્રભુ ઈશુખ્રીસ્તની કૃપા તથા દેવની પ્રીતિ તથા પવિત્ર આત્માની સંગત તમ સર્વની સાથે થાઓ. ૨ કરીંથી. ૧૩:૧૪.

પ્રકરણ ૨—ઉત્પત્તિ સંબંધી.

૧. જગત વિષે.

૧૯ પવિત્ર શાસ્ત્રની પહેલી કલમ તારાથી કહેવાય કે નહિ?

"આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કીધાં." ઉત્પ. ૧ : ૧.

૨૦. જે પદાર્થ દેવે ઉત્પન્ન કીધાં તે સર્વનાં રક્ષણ તે કરેછે કે નહિ?

"પોતાના પરાક્રમના શબ્દથી તે સઘળાં ધરી રાખેછે,"-હેબ્રી.૧:૩.

જેણે અમને ને અમારા પિતરોને મિસરદેશમાંથી, દાસપણાના ઘરમાંથી આણ્યા; ને જેણે અમારા દેખતાં તે મોટા ચમત્કાર કીધા, ને અમે જે સર્વ રસ્તે ચાલ્યા તેમાં, ને જે સર્વ લોકો મધ્યે ફર્યા તેમાં અમને પાળ્યા, તેજ પ્રભુ અમારો દેવ છે. યહો. ૨૪ : ૧૭. હે પ્રભુ, તું માણસનું તથા પશુનું ત્રાણ કરેછે. ગી. ૩૬ : ૬. પ્રભુ ન્યાયીને આધાર આપેછે. ગી. ૩૭ : ૧૭. આપણે તેનાથી જીવિયે છિયે, ને હાલિયે છિયે. પ્રે. ૧૭ : ૨૮. તેનાથી સર્વ જારી રહેછે.

ક્લો. ૧ : ૧૭. તે જે પોતાના જમણા હાથમાં સાત તારા રાખે છે. પ્રગટી. ૨ : ૧.

---

૨. માણસ વિષે.

૨૧. દેવે માણસનું શરીર શાનું બનાવ્યું?

"ભૂમિની માટીથી,"–ઉત્પ. ૨ : ૭.

પોતાના મોહોના પશીનાથી તું રોટલી ખાશે, ત્યાંસુધી કે તું ભૂમિમાં પાછો જશે, કેમકે તું તેથી લેવાયો છે, ને તું ધૂળ છે ને પાછો ધૂળમાં જશે. ઉત્પ. ૩ : ૧૯. પ્રભુ દેવે અદનવાડીમાંથી તેને ખદેડી દીધો. ઉત્પ. ૩ : ૨૩. તે આપણી રચના જાણેછે; આપણે ધૂળ છીએ, એવું તે સંભારેછે. ગી. ૧૦૩ : ૧૪. હવે, હે પ્રભુ, અમારો બાપ તું છે, અમે મટી, ને તું અમારો ઘડનાર. યશા. ૬૪ : ૮. પહેલો માણસ પૃથ્વીથી ધૂળનો છે. ૧ કરીંથી. ૧૫ : ૪૭.

૨૨. દેવે માણસનો આત્મા શી રીતે ઉત્પન્ન કર્યો?

"દેવે તેના નસકોરામાં જીવનનો શ્વાસ ફુંક્યો, ને

નિશ્ચય માણસમાં આત્મા પોતે છે; ને સર્વ સમર્થનો શ્વાસ તેને સમજાવે છે. અયુબ. ૩૨ : ૮. દેવના આત્માએ મને બનાવ્યો, ને સર્વ સમર્થના શ્વાસે મને જીવાડ્યો. અ-

માણસ જીવતું પ્રાણી થયું." ઉત્પ. ૨ : ૭. અયુબ. ૩૩ : ૪. તે પૃથ્વીનાં પશુઓ કરતાં આપણને શિખવે છે; ને આપણને આકાશનાં પક્ષીઓ કરતાં બુદ્ધિ આપેછે. અયુબ. ૩૫ : ૧૧. પ્રભુએ આપણને સારૂ આ જીવ ઉત્પન્ન કીધો તે જીવે છે. ઈર્મેયા. ૩૮ : ૧૬. આકાશોને વિસ્તારનાર, પૃથ્વીનો પાયો નાંખનાર, માણસનો આત્મા તેમાં સૃજવનાર, પ્રભુ કહેછે. જખ. ૧૨ : ૧. પહેલો માણસ આદમ જીવતો પ્રાણી થયો. ૧ કરીંથી. ૧૫ : ૪૫.

૨૩. આત્મા અને શરીર એમાં શો ફેર છે?

શરીર ભૌતિક તથા નાશવંત છે, પણ આત્મા આત્મિક રૂપી તથા અવિનાશી છે. ત્યારે ધૂળ પહેલાં સરખી ભૂમિને ફરીથી મળશે, ને દેવ જેણે આત્મા આપ્યો તેની પાસે તે પાછો જશે. સભાશિ. ૧૨ : ૭. શરીરને જે મારી નાંખે છે, પણ આત્માને મારી શકતા નથી, તેઓથી બીહોમા. માત્થી. ૧૦ : ૨૮. મને માંસ તથા હાડકાં છે, તે આત્માને હોતાં નથી. લુક. ૨૪ : ૩૯. માંસ તથા રક્ત દેવના રાજ્યના વારસ થઈ શકતાં નથી. ૧ કરીંથી. ૧૫ : ૫૦.

૨૪. શું દેવે માણસને ઉત્તમ બનાવ્યું?

હા; દેવે પોતાની પ્રતિમા પ્રમાણે માણસને બનાવ્યું. ઉત્પ. ૧ : ૨૭.

અને દેવે જે સર્વ પોતે ઉત્પન્ન કીધું તે જોયું; ને જુઓ તે બહુ ઉત્તમ. ઉત્પ. ૧ : ૩૧. દેવે માણસને ઉત્પન્ન કીધું, તે દિવસે દેવની પ્રતિમા પ્રમાણે તેને બનાવ્યું. ઉત્પ. ૫ : ૧. થોડોક તેં તેને દૂતો કરતાં કમ કીધો છે; ગૌરવ તથા સન્માનથી તેની પ્રતિષ્ઠા કીધી. ગી. ૮ : ૫. દેવે માણસને યથાર્થ ઉત્પન્ન કીધું. સભાશિ. ૭ : ૨૯. તે તો દેવની પ્રતિમા તથા મહિમા છે. ૧ કરીંથી. ૧૧ : ૭. માણસો, જેઓ દેવની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન થયલાં છે. યાકુ. ૩ : ૯.

૨૫. આ દેવની પ્રતિમા કેવી હતી?

"ન્યાયીપણામાં તથા સત્યની શુદ્ધતામાં."—એફે. ૪ : ૨૪.

દેવે કહ્યું, કે પોતાની પ્રતિચ્છાયા પ્રમાણે, તથા પોતાની પ્રતિમા પ્રમાણે, આપણે આદમને (એટલે માણસને) ઉત્પન્ન કરીએ. ઉત્પ. ૧ : ૨૬. ને જે નવું માણસપણું તેના ઉત્પન્ન કરનારની પ્રતિમા પ્રમાણે જ્ઞાનમાં નવું કરાય છે, તે તમે પહેર્યું છે. કલો. ૩ : ૧૦.

(દેવના ગુણોનાં પ્રમાણો જુઓ—સવાલ ૮–૧૨.)

૨૬. ઉત્પત્તિની વખતે માનવોને કેવો અધીકાર આપાયો હતો?

દેવે સર્વ પ્રાણીઓપર તેને અધીકાર આપ્યો. ઉત્પ. ૧ : ૨૮.

તેઓ સમુદ્રનાં માછલાંપર, તથા આકાશનાં પક્ષીઓપર, તથા ગ્રામ પશુઓપર, તથા સર્વ પૃથ્વીપર, તથા સર્વ જીવજંતુપર, જે પૃથ્વીપર ચાલે છે, તેઓપર ધણીપણું કરે. ઉત્પ. ૧ : ૨૬. તારા હાતોનાં કામપર તેં તેને ધણીપણું આપ્યું. તેના પગોતળે સર્વ પાડ્યું છે; સર્વ મેંઢાં તથા ઢોર, ને ક્ષેત્રનાં પશુઓ પણ, આકાશનાં પક્ષીઓ, ને સમુદ્રનાં માછલાં, ને પાણીની વાટોમાં જે જે ચાલે છે. ગી. ૮ : ૬–૮. તેં તેપર મહિમા તથા માનનો મુગટ મુક્યો, ને તારા હાથનાં કામપર તેને ઠરાવ્યો; તેં તેના પગતળે સધળાં મુક્યાં છે. હેબ્રી. ૨ : ૭, ૮.

૨૭. દેવે આપણાં પહેલાં માબાપને ક્યાં મૂક્યાં?

એદન વાડીમાં.– ઉત્પ. ૨ : ૮.

પ્રભુ દેવે પૂર્વગમ એદનમાં એક વાડી બનાવી, ને તેમાં પોતાના બનાવેલા માણસને રાખ્યું. ઉત્પ. ૨ : ૮. એદનવાડી ખેડવાને, તથા રક્ષણ કરવાને, પ્રભુ દેવે તે માણસને તેમાં રાખ્યું. ઉત્પ. ૨ : ૧૫.

૨૮.દેવે તેઓને કેવો નિયમ આપ્યો? **પુર્ણ આજ્ઞાધીનપણાનો નિયમ.**–ઉત્પ. ૨ : ૧૬, ૧૭.

પ્રભુ દેવે તે માણસને એ હુકમ આપ્યો, કે વાડીના હરેક વૃક્ષથી તું ખાયા કર. પણ ભલું ભુંડું જાણવાનાં વૃક્ષથી તું ન ખા, કેમકે તું ખાશે, તેજ દિવસે મરશેજ મરશે. ઉત્પ. ૨ : ૧૬, ૧૭. નિયમથી તો પાપનું ઓળખાણ થાયછે. રૂમી. ૩ : ૨૦.

પ્રકરણ ૩.—માણસનું પતન તથા પાપી અવસ્થા.

૧. પાપ વિષે.

૨૯. શું આપણાં પહેલાં માબાપ પવિત્ર તથા સુખી રહ્યાં?

તેઓએ દેવને વિરૂદ્ધ પાપ કીધું ને દુઃખમાં પડ્યાં. ઉત્પ. ૩.

સ્ત્રીએ જોયું, કે તે વૃક્ષનું ફળ ખાવાને સારૂં ને જોવામાં સુંદર, ને જ્ઞાન આપવાને ગમતું વૃક્ષ છે, તેણીએ ફળ તોડીને ખાધું, ને પોતાના વરને પણ આપ્યું, ને તેણે તેની સાથે ખાધું. ઉત્પ. ૩ : ૬. પ્રભુ દેવે આદમને બોલાવીને કહ્યું, કે તું કયાં છે? ને તેણે કહ્યું, કે મેં વાડીમાં તારો શબ્દ સાંભળ્યો, ને હું નાગો તે માટે બિધો, ને પોતાને સંતાડ્યો. ઉત્પ. ૩ : ૯, ૧૦. એક માણસથી પાપ જગતમાં પેઠું, ને પાપથી મરણ. રૂમી. ૫ : ૧૨.

૩૦. પાપ એટલે શું?

ઈશ્વરના નિયમનું કોઇ ઉલ્લંઘન કરવું,

નિયમથી તો પાપનું ઓળખાણ થાયછે. રૂમી. ૩ : ૨૦. હરેક જે પાપ કરેછે, તે

એજ પાપ છે.–૧ યો. ૩ : ૪. નિયમભંગ પણ કરેછે, ને નિયમભંગ એજ પાપ છે. ૧ યો. ૩ : ૪. જે પાપ કરેછે તે શેતાનનો છે, કાંજે શેતાન આરંભથી પાપ કરેછે. ૧. યો. ૩ : ૮.

૩૧. આપણાં પહેલાં માબાપનું પાપ કયું હતું?

તેઓએ મના કરેલું ફળ ખાધું, તે.– પ્રભુદેવે તે માણસને એ હુકમ આપ્યો કે વાડીના હરેક વૃક્ષથી તું ખાયા કર. પણ ભલું ભુંડું જાણવાનાં વૃક્ષથી તું ન ખા. ઉત્પ. ૨ : ૧૬, ૧૭. તેણીએ ફળ તોડીને ખાધું, ને પોતાના વરને પણ આપ્યું, ને તેણે તેની સાથે ખાધું. ઉત્પ. ૩ : ૬.

૩૨. પાપ કરવાને તેઓને કોણે લલચાવ્યાં?

સેતાને, સાપના રૂપમાં. ઉત્પ. ૩ : ૧૩; પ્રગટી. ૨૦:૨. સર્પે મને ભુલાવી, ને મેં ખાધું. ઉત્પ. ૩ : ૧૩. તે જુનો સાપ જે બટ્ટો મુકનાર તથા સેતાન કહેવાયછે, જે આ જગતને ભુલાવેછે. પ્રગટી. ૧૨: ૯. ઘરડો સર્પ, જે બટ્ટો મુકનાર તથા સેતાન છે. પ્રગટી. ૨૦ : ૨.

૨. પાપનું દોષપણું, ફેલાવ ને પરીણામો.

૩૩. પાપ કરવાથી તેઓપર કયું દુઃખ આવ્યું?

તેઓએ પરમેશ્વરની પ્રતિમા ખોઇ ને તેઓ એદનવાડીમાંથી કાઢી મુકાયાં ને દુઃખ તથા મરણનાં અધિકાર તળે પડયાં.

પણ ભલું ભુંડું જાણવાનાં વૃક્ષથી તું ન ખા, કેમકે તું ખાશે, તેજ દિવસે મરશેજ મરશે. ઉત્પ. ૨ : ૧૭. એ સારૂ તારે લીધે ભૂમિ શાપમાં પડી છે, તેથી તું પોતાનાં આયુષ્યના સર્વ દિવસોમાં દુઃખે ખાશે. ઉત્પ. ૩ : ૧૭. પ્રભુદેવે એદનવાડીમાંથી તેને ખદેડી દીધો. ઉત્પ. ૩ : ૨૩. એક માણસથી પાપ જગતમાં પેઠું, ને પાપથી મરણ, ને એમ સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો. રૂમી. ૫ : ૧૨. પાપનું વેતન મરણ છે. રૂમી. ૬ : ૨૩.

૩૪. તેમના પાપથી તેઓ શીવાય બીજા કોઇને નુકસાન થયું?

એક અપરાધથી

એક માણસથી પાપ જગતમાં પેઠું, ને પાપથી મરણ, ને એમ સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો, કારણ કે સઘળાંએ પાપ કીધું. રૂમી.

સઘળાં માણસો-પર દંડનો ઠરાવ આવ્યો.–રૂમી. ૫: ૧૮.

૫ : ૧૨. એક માણસે આજ્ઞા ભંગ કરી, તેથી ઘણાં પાપી ઠરાવાયાં. રૂમી. ૫ : ૧૯.

૩૫. માણસ કેવી અવસ્થામાં જન્મે છે?

માણસ આદમની પતિત થએલી પ્રતિમા પ્રમાણે ને મૂળપવિત્રાઇવિના જન્મે છે. ઉત્પ. ૫ : ૩.

આદમ એકસો ત્રીશ વર્ષનો થયો, ત્યારે તેણે પોતાની પ્રતિમા તથા પ્રતિચ્છાયા પ્રમાણે દીકરો જન્માવ્યો. ઉત્પ. ૫ : ૩. પ્રભુએ જોયું, કે માણસની ભુંડાઈ પૃથ્વીમાં વધી છે; ને તેઓનાં રહૃદયના વિચારની હરેક ભાવના સદા એકલી ભુંડી છે. ઉત્પ. ૬ : ૫. માણસનાં મનની ભાવના તેનાં બાલપણાથી ભુંડી છે. ઉત્પ. ૮ : ૨૧. સર્વ વસ્તુ કરતાં રહૃદય કપટી છે, ને અતિ ભુંડું છે. યર્મે. ૧૭ : ૯. માણસોના રહૃદયથી જે નીકળે છે, તે આ, ભુંડા વિચારો, છીનાળાં, વ્યભિચારો, હત્યાઓ, ચોરીઓ, લોભ, દુષ્ટપણું, કપટ, કામાતુરપણું, અદેખાઈ, દુર્ભાષણ, અભિમાન, મૂર્ખપણું. માર્ક. ૭ : ૨૧, ૨૨. કોઈ ન્યાયી નથી, એક પણ નથી. રૂમી. ૩ : ૧૦.

૩૬. આ અવસ્થાની વિપત્તિઓ શી છે?

સર્વ માણસ પાપમાં જન્મેલાં છતાં, મૂળ સ્વભાવથી દેવના કોપ તળે છે.

જેઓ અન્યાયને ખેડેછે, ને શ્રમ વાવે છે, તેઓ એજ લણે છે. અયુબ. ૪ : ૮. દુષ્ટને ઘણા ખેદો હોયછે. ગી. ૩૨ : ૧૦. તરા માર્ગે તથા તારી કરણીઓએ આ તને કર્યું છે. ઇર્મે. ૪ : ૧૮. તમારા અન્યાયોએ એ દૂર કીધાં છે, ને તમારાં પાપોએ તમારાથી હિત વારી રાખ્યું છે. ઈર્મે. ૫ : ૨૫. અમારા પિતાઓએ પાપ કીધું, ને તેઓ નથી, ને અમે તેઓના અપરાધ ઊચક્યા છે. ઈર્મે. વિલાપ. ૫ : ૭. પાપનું વેતન મરણ છે. રૂમી. ૬ : ૨૩. મૂળસ્થિતિએ બીજાઓના જેવાં કોપનાં છોકરાં હતાં. એફ. ૨ : ૩. આખું જગત તે ભુંડામાં રહેછે. ૧ યો. ૫ : ૧૯.

પ્રકરણ ૪.–તારણ વિષે.

૧ તારણનું મૂળ અને આધાર, એટલે ખ્રીસ્તમાં દેવની પ્રીતિ તથા ખ્રીસ્તની મારફતે તારણ.

૩૭. શું ઈશ્વરે માનવને પાપ તથા દુઃખમાં રહેવાં દીધાં?

ના; "દેવે જગતપર એટલી પ્રીતિ કીધી કે, તેણે પોતાનો એકાકી જનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઈ તેપર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે." યો. ૩ : ૧૬.

જેણે મને મોકલ્યો છે તેની ઇચ્છા એ છે કે, હરેક જે દીકરાને જુએ છે, ને તેનાપર વિશ્વાસ કરેછે, તેને અનંત જીવન થાય. યો. ૬ : ૪૦. મારાપર જે વિશ્વાસ કરેછે, તેને અનંત જીવન છે. યો. ૬ : ૪૭. એથી આપણાપરની દેવની પ્રીતિ પ્રગટ થઈ, કે દેવે પોતાના એકાકી જનિત પુત્રને જગતમાં એ માટે મોકલ્યો, કે તેનાથી આપણે જીવિયે. ૧ યો ૪ : ૯. અને અમે જોયું ને સાક્ષી પુરિયે છિયે, કે બાપે પુત્રને જગતનો તારનારથવા મોકલ્યો છે. ૧ યો ૪ : ૧૪.

૩૮. પાપીઓને તારવા સારૂ દેવના દીકરાએ શું કર્યું?

તે માણસ થયો, તેમાં વસ્યો, દુઃખ વેઠયું, મરણ પામ્યો અને પાછો ઉઠયો.

શબ્દ સદેહ થયો, ને આપણામાં વસ્તી કીધી. યો. ૧ : ૧૪. માણસના દીકરા વિષે કેમ લખ્યું છે કે, તેણે ઘણું દુઃખ સહેવું. માર્ક. ૯ : ૧૨. દુઃખિત પુરૂષને દરદે અનુભવિક. યશા. ૫૩ : ૩. લેખો પ્રમાણે ખ્રીસ્ત આપણા પાપને સારૂ મરણ પામ્યો; ને લેખો પ્રમાણે તે દટાયો, ને ત્રીજે દહાડે ઉઠયો. ૧ કરીંથી. ૧૫ : ૩, ૪.

૩૯. તે શી રીતે માણસ થયો?

ખ્રીસ્ત દેવ છતાં તોપણ, દાસનું રૂપ લીધું ને માણસોની પ્રતિમા લઇને માણસનાં જેવાં શરીર તથા આત્મા તેને હતાં.

તેણે દાસનું રૂપ લઈને એટલે માણસોની પ્રતિમામાં થઈને પોતાને ખાલી કરયો. ફિલિ. ૨ : ૭. તે યજ્ઞ તથા દાનો ચાહ્યાં નહિ, પણ મારે સારૂ તે શરીર સિદ્ધ કીધું છે. હે બ્રી. ૧૦ : ૫. મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે. માત્થી. ૨૬ : ૩૮.

૪૦. ખ્રીસ્તની જીંદગીથી આપણને

તેણે અપકાર કર્યો ન હતો, ને તેના મુખમાં કપટ ન હતું.

કેવો નમુનો મળેછે? **પૂર્ણ સારાપણા-નો, ને પવિત્રતાનો નમુનો મળેછે.** યશા. ૫૩ : ૯. નિરપરાધી લોહી પરસ્વાધીન કરયાથી મેં પાપ કીધું છે. માત્થી. ૨૭ : ૪. તે ન્યાયીને તું કંઈ કરતો ના. માત્થી. ૨૭ : ૧૯. હે બાપ, જો તારી ઇચ્છા હોય, તો આ વાટકો મારાથી વેગળો કર, તોપણ મારી ઇચ્છા નહિ, પણ તારી ઇચ્છા પુરી થાય. લુક. ૨૨ : ૪૨. હે બાપ, તેઓને માફ કર. લુક. ૨૩ : ૩૪. પીલાત તેઓને કહેછે કે, તમે એને લઇને વધસ્તંભપર જડાવો; કાંજે મને એમાં કાંઈ અપરાધ જડતો નથી. યો. ૧૯ : ૬. તે રૂડું કરતો ફરયો. પ્રે. ૧૦ : ૩૮. તો એવો પ્રમુખ્ય યાજક આપણને શોભતો હતો, કે જે પવિત્ર, નિર્દોષ, નિષ્કલંક, પાપીઓથી અળગ છે. હેબ્રી. ૭ : ૨૬. ખ્રીસ્તે તમોને નમુનો આપ્યો છે, એમાટે કે તમે તેના પગલામાં ચાલો. તેણે કંઈ પાપ કીધું નહિ, ને તેના મોહોમાં કપટ ન હતું. તેણે નિંદા પામીને પાછી નિંદા ન કીધી, દુઃખો સેહેતાં ધમકાવ્યું નહિ. ૧ પીત. ૨ : ૨૧–૨૩.

૪૧. ખ્રીસ્તે આપણને માટે શું વેઠ્યું? **"મરણ, હા, વધસ્તંભના મરણસુધી** દુઃખિત પુરૂષને દરદે અનુભવિક. યશા. ૫૩ : ૩. તેણે પોતાનો જીવ મરણને આધીન કીધો, ને અપરાધીઓની સં-

આધીન થઇને, પોતાને લીન કર્યો." ફિલિ. ૨ : ૮.

ગાતે તેની ગણના થઈ. યશા. ૫૩ : ૧૨. મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે. માત્થી. ૨૬ : ૩૮. હવે મારો જીવ વ્યાકુળ થયો છે, ને હું શું કહું? ઓ બાપ, મને આ ઘડીથી બચાવ. પણ એને લીધેજ હું તો આ ઘડીસુધી આવ્યો છું. યો. ૧૨ : ૨૭. ખ્રીસ્તે આપણીવતી શ્રાપિત થઇને, નિયમના શ્રાપથી આપણને છોડાવી લીધા. ગલા. ૩ : ૧૩. તેણે દાસનું રૂપ લઇને એટલે માણસોની પ્રતિમામાં થઇને પોતાને ખાલી કરયો. ફિલિ. ૨ : ૭. આપણે આપણા વિશ્વાસના અધિકારી તથા સંપૂર્ણ કરનાર ઇશુની ગમ જોઈયે, કે જેણે પોતાની આગળ મુકેલા આનંદને લીધે લાજને વ્યર્થ ગણીને મરણસ્તંભનું સહ્યું. હેબ્રી. ૧૨ : ૨.

૪૨. ખ્રીસ્તે શામાટે એવાં દુઃખ તથા મરણ વેઠચાં?

દુનિયાના પાપનેમાટે ઈશ્વરી ન્યાયને પૂર્ણ પ્રાયશ્ચિત્ત આપવાસારૂ ખ્રીસ્તે દુઃખ તથા

શું ખ્રીસ્તે એ સેહેવું ને પોતાના મહિમામાં પેસવું જોઈતું નહોતું? લુક. ૨૪ : ૨૬. એમ થવું જોઇતું હતું કે ખ્રીસ્ત મરણ સેહે. લુક. ૨૪ : ૪૬. તેણે ધર્મલેખથી તેઓની સાથે વાદ કરીને દેખાડચું, ને પ્રમાણો આપ્યાં કે ખ્રીસ્તે સહેવું જોઇતું

મરણ વેઠયાં. હતું. પ્રે. ૧૭ : ૨, ૩. આપણે નિર્બળ હતા, એટલામાં ઠરાવેલે સમયે અધર્મીઓને સારૂ ખ્રીસ્ત મરણ પામ્યો. રૂમી. ૫ : ૬. આપણે પાપી હતા તેટલામાં ખ્રીસ્ત આપણે સારૂ મરણ પામ્યો. રૂમી. ૫ : ૮. દેવની સાથે તેના દીકરાના મરણે કરીને આપણો મિલાપ કરાયો. રૂમી. ૫ : ૧૦. જેણે પોતાનાજ દીકરાને રાખી મુખ્યો નહિ, પણ આપણ સર્વનેલીધે તેને આપ્યો, તે આપણને બધું તેની સાથે કેમ કૃપારૂપે આપશે નહિ? રૂમી. ૮ : ૩૨. ખ્રીસ્તે આપણને નિયમના શ્રાપથી છોડાવી લીધા. ગલા. ૩ : ૧૩. તમે જે પહેલાં દૂર હતા તે તમે ખ્રીસ્તના લોહીથી પાસે થયા છો. એફ. ૨ : ૧૩. ખ્રીસ્તે પણ આપણાપર પ્રીતિ કીધી, ને દેવની આગળ સુગંધના વાસને અર્થે, આપણે વાસ્તે અર્પણ તથા યજ્ઞ થવાને પોતાને આપ્યો. એફ. ૫ : ૨. તેની પાસે પણ અર્પણ કરવાનું કંઈ હોય એવી અગત્ય છે. હેબ્રી. ૮ : ૩. પોતાનાજ લોહીથી, પરમ પવિત્ર સ્થાનમાં એકજવાર ગયો ને સર્વ કાલિક ખંડણી મેળવી. હેબ્રી. ૯ : ૧૨. ખ્રીસ્ત, જે સનાતન આત્માથી પોતે દોષવગર દેવને અર્પણ થયો. હેબ્રી. ૯ : ૧૪. લોહી વહેવડાવ્યા વગર માફી થતી નથી. હેબ્રી. ૯ : ૨૨. તો અગત્ય હતી કે આકાશમાંની વસ્તુઓની ઉપમાઓ એવાંથી શુદ્ધ થાય. હે-

બ્રી. ૯ : ૨૩. લાકડાપર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, એમાટે કે આપણે પાપોવિષે મુએલા થઇને ન્યાયીપણાવિષે જીવિયે; તેના ઘાઓથી તમે સાજા થયા. ૧ પીત. ૨ : ૨૪. તે આપણાં પાપવિષે પ્રાયશ્ચિત્ત છે, ને કેવળ આપણાંવિષે નહિ, પણ આખા જગતવિષે તે પ્રાયશ્ચિત્ત છે. ૧ યો. ૨ : ૨.

૪૩. ખ્રીસ્તના પુનરૂત્થાનથી આપણને શો લાભ થાયછે?

તે આપણા ન્યાયકરણને સારૂ પાછો ઉઠયો, અને દેવના જમણા હાથ પાસે ચઢયો, ને ત્યાં આપણને સારૂ મધ્યસ્થી કરવાને સદા જીવતો રહે છે.–રૂમી. ૪:૨૫; એફ.૧ : ૨૦;કલો. ૩ : ૧; હેબ્રી.૭:૨૫.

પોતાને જમણે હાથે રાજા તથા તારનાર થવાને દેવે તેને ઉંચો કીધો છે, કે તે ઇસ્રાઈલને પશ્ચાતાપ તથા પાપની માફી આપે. પ્રે. ૫ : ૩૧. જેણે આપણા પ્રભુ ઇશુને મુએલામાંથી ઉઠાડયો, તેનાપર આપણે વિશ્વાસ કરિયે. જે ઈશુ આપણા અપરાધોને લીધે પરાધીન કરાયો, ને આપણા ન્યાયીકરણને લીધે પાછો ઉઠડાયો. રૂમી. ૪ : ૨૪, ૨૫. જે મુઓ, ને વિશેષે કરીને જે પાછો ઉઠયો તે ખ્રીસ્ત છે, તે દેવની જમણી ગમ છે, તે આપણે સારૂ મધ્યસ્થી પણ કરેછે. રૂમી. ૮ : ૩૪.

તો દેવનો પુત્ર ઇશુ આકાશમાં પાર ગએલો, એવો મોટો પ્રમુખ્ય યાજક આપણને છે. હેબ્રી. ૪ : ૧૪. પણ એ સદા રહેછે, માટે એને અવિકારી યાજકપણું છે. હેબ્રી. ૭ : ૨૪. ખ્રીસ્ત હાથથી બનાવેલાં પવિત્ર ઠેકાણાં જે ખરાનો નમુનો છે તેમાં ગયો નથી, પણ આકાશમાંજ ગયો, એ માટે કે અમણાં આપણે સારૂ દેવની આગળ તે હાજર થાય. હેબ્રી. ૯ : ૨૪. જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થછે, એટલે ઇશુખ્રીસ્ત જે ન્યાયી છે તે. ૧ યો. ૨ : ૧.

૪૪. શું ઇશુખ્રીસ્તે સઘળા માણસને સારૂ આ પ્રાયશ્ચિત કર્યું ?

“ **દેવની કૃપાથી સઘળા માણસને સારૂ તેણે મરણ ભોગવ્યું.”–હેબ્રી. ૨ : ૯.**

કેમકે દેવે જગતપર એટલી પ્રીતિ કીધી કે, તેણે પોતાનો એકાકી જનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઇ તેપર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે. કેમકે જગતને અપરાધી ઠરાવવા સારૂ દેવે પોતાના દીકરાને જગતમાં નથી મોકલ્યો, પણ એ માટે કે તેનાથી જગતનું તારણ થાય. યો. ૩ : ૧૬, ૧૭. સર્વે વાસ્તે તે મુઓ. ૨ કરીંથી. ૫ : ૧૫. જેણે સઘળાને સારૂ પોતાને ખંડણી રૂપે આપ્યો. ૧ તીમો. ૨ : ૬.

પણ દેવની કૃપાથી સઘળા માણસને સારૂ મરણ ભોગવવાને અર્થે જે દૂતો કરતાં જરા ઓછો કરાયો એટલે ઇશુ, જેનાપર મરણ સહેવાને લીધે મહિમા તથા માનનો મુગુટ મુકાયલો તેને જોઇએ છિયે. હેબ્રી. ૨ : ૯. તે આપણાં પાપ વિષે પ્રાયશ્ચિત્ત છે, ને કેવળ આપણાં વિષે નહિ, પણ આખા જગત વિષે તે પ્રાયશ્ચિત્ત છે. ૧ યો. ૨:૨.

૨. તારણની શરતો.

૪૫. શું એ કારણ માટે સઘળા માણસ તારણ પામશે?

"દુષ્ટો નરકમાં ફેરવાશે, ને દેવના ભુલનારા સર્વ વિદેશીઓ."—ગી. ૯ : ૧૭.

જો તમે પસ્તાવો કરશો નહિ, તો તમે સર્વ તેજ પ્રમાણે નાશ પામશો. લુક. ૧૩ : ૩. અને જો કોઈ જીવન પુસ્તકમાં લખેલો એવો માલમ પડયો નહિ તો તે અગ્નિ ખાઇમાં ફેંકાયો. પ્રગટી. ૨૦: ૧૫. અન્યાય કરનારા, તમે સર્વ મારી પાસેથી જાઓ. જ્યારે તમે ઇબ્રાહીમને તથા ઇસહાકને તથા યાકુબને તથા બધા ભવિષ્યવાદીઓને દેવના રાજ્યમાં,

અને પોતાને બહાર કહાડી મુકાયલા જોશો, ત્યારે રડવું તથા દાંત પીસવું થશે લુક. ૧૩: ૨૭, ૨૮. શાસ્ત્રીઓના તથા ફરોશીઓના ન્યાયીપણા કરતાં જો તમારૂં ન્યાયીપણું વધારે ન હોય, તો આકાશના રાજ્યમાં તમે નહિજ પેસશો. માત્થી. ૫ : ૨૦. જેઓ દેવને નથી જાણતા, ને જેઓ આપણા પ્રભુ ઈશુ-ખ્રીસ્તની સુવાર્તા નથી માનતા, તેઓપર દંડ તે ઠરાવશે. ૨ થેસ્સા. ૧ : ૮. હું બાલનું શેષ કાપી નાંખિશ; ને જેઓ પ્રભુથી હટી ગયા છે, ને જેઓ પ્રભુનો શોધ કરતા નથી, ને તેનું પ્રશ્ન કીધું નહિ. સફા. ૧ : ૪, ૬.

૪૯. શું જેઓ બાળપણામાં ભલું ભૂંડું જાણ્યા પહેલા મરે છે તેઓનું તારણ થશે?

હા; કેમકે ઇશુ કહે છે કે, " આકાશનું રાજ્ય એવાઓનુંજ છે.—માત્થી. ૧૯ : ૧૪.

અને તેઓ તેની પાસે બાળકો લાવ્યા કે, તે તેઓને અટકે; ને શિષ્યોએ લાવનારાઓને ધમકાવ્યા, પણ ઇશુ તે જોઇને નાખુશ થયો; ને તેઓને કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને મના ન કરો; કાં જે દેવનું રાજ્ય એવાંઓનું છે. હું તમને ખચીત કહુંછું કે જે કોઈ બાળકની માફક દેવનું રાજ્ય કબુલ નહિ કરશે, તે એમાં પ્રવેશ કરશેજ નહિ. ને

તેણે તેઓને બાથમાં લીધા, ને તેઓ પર હાથ મુકીને તેઓને આશીર્વાદ દીધો. માર્ક. ૧૦ : ૧૩–૧૬.

૪૭. જેઓ ભુંડાથી ભલું જાણેછે તેઓનું તારણ શી શરતોપર થશે ?

આ શરતોપર કે, તેઓ દેવની ગમ પસ્તાવો કરે, તથા આપણા પ્રભુ ઇશુખ્રીસ્ત પર વિશ્વાસ રાખે.–પ્રેરી. ૨૦ : ૨૧.

એ અણજાણપણાના સમયોપર દેવે અખાડા કીધા ખરા, પણ હવે સર્વ જગ્યામાં સઘળાં માણસોને પસ્તાવો કરવાને તે આજ્ઞા કરેછે. પ્રે. ૧૭ : ૩૦. તમે પસ્તાવો કરો, ને ફરો, એ સારૂ કે, તમારાં પાપ ભુંસાઈ જાય. પ્રે. ૩ : ૧૯. એ માટે તું તારી ભુંડાઇનો પસ્તાવો કર, ને દેવની વિનંતિ કર કે, તારા અંતઃકરણની કલ્પના કદાચ તને માફ થાય. પ્રે. ૮ : ૨૨. તમે કૃપાએ વિશ્વાસને આસરે તરાયલા છો. એફ ૨ : ૮.

૪૮. પસ્તાવો એટલે શું ?

પાપને લીધે દેવસંબંધી ખેદ. ૨ કરીંથી. ૭ : ૧૦.

હું પોતાનું અન્યાયીપણું પ્રગટ કરીશ; ને મારાં પાપપર શોક કરીશ. ગી. ૩૮ : ૧૮. તમને દેવની ઇચ્છાપ્રમાણે ખેદ થયો. ૨ કરીંથ. ૭ : ૯. કેમકે દેવની ઇચ્છાપ્રમાણે જે ખેદ,

તે અનુતાપ નહિ ઉપજાવે એવો પસ્તાવો, તારણને સારૂ કરાવેછે. ૨ કરીંથી. ૭ : ૧૦. પ્રત્યેક પોતાના અન્યાયપર, સર્વ શોક કરનાર. હજ. ૭ : ૧૬. તમારા સર્વ હરદયથી, ને ઉપવાસથી તથા રૂદનથી તથા શોકથી મારી ભણી ફેરો ને તમારાં હરદય ફાડો, તમારાં વસ્ત્ર નહિ. યોએલ ૨ : ૧૨, ૧૩.

૪૯. ખરો પસ્તાવો શાથી જણાય છે?

પાપ છોડી દેવાથી, ને પરમેશ્વર તરફ ખરા દીલથી ફરવાથી.

તમારા માર્ગો તથા તમારી કરણીઓ સારાં કરો. ઇર્મે. ૭: ૩. તમે પ્રત્યેક પોતાના દુષ્ટમાર્ગથી ફરો, ને પોતાનાં કામો સુધારો. ઇર્મે. ૩૫ : ૧૫. દુષ્ટ પોતાનો માર્ગ, ને અન્યાયી માણસે પોતાના વિચારો તજવા, ને તેણે પ્રભુની પાસે પાછું આવવું. યશા. ૫૫ : ૭. ભુંડું કરવાને મુકી દો, સારૂં કરવાને શિખો. યશા. ૧ : ૧૬, ૧૭.

૫૦. ઇશુ ખ્રીસ્તપર વિશ્વાસ કરવો એટલે શું?

તારણ પામવામા-

જેટલાએ તેનો અંગીકાર કીધો, એટલે તેના નામપર વિશ્વાસ કીધો, તેટલાને તેણે દેવનાં છોકરાં થવાનો અધિ-

ટે તે એકલાનોજ અંગીકાર કરવો તથા તેનાપર ભરોસો રાખવો, એજ ઇશુ ખ્રીસ્તપર વિશ્વાસ છે. યો. ૧ : ૧૨; ફિલિપી. ૩ : ૯.

કાર આપ્યો. યો. ૧ : ૧૨. તેનામાં મળી રહું, ને નિયમથી મારૂં જે ન્યાયીપણું તે નહિ, પણ ખ્રીસ્તના વિશ્વાસને આસરે દેવથી જે ન્યાયીપણું વિશ્વાસને કારણે છે, તે મારૂં થાય. ફિલિપી. ૩ : ૯. વિશ્વાસ તો આશામાંની વસ્તુઓની ખાતરી, ને અણદીઠ વસ્તુઓની શાહેદી છે. હેબ્રી. ૧૧: ૧.

૫૧. શું આપણે પોતાની શક્તિથી વિશ્વાસ ને પસ્તાવો કરી શકીએ છીએ?

ના; વિશ્વાસ ને પસ્તાવો કરવાની શક્તિ દેવ આપણને આપે છે. એફ. ૨: ૮; રૂમી. ૧૧: ૨૮.

દેવે પોતાના દીકરા ઇશુ ખ્રીસ્તને ઉઠાડીને તેને પહેલાં તમારી પાસે મોકલ્યો, એ માટે કે તમ હરેકને તમારાં ભુંડાં કામથી ફેરવીને તે તમને આશીર્વાદ દે. પ્રે. ૩ : ૨૬. પોતાને જમણે હાથે રાજા તથા તારનાર થવાને દેવે તેને ઉંચો કીધો છે, કે તે ઈસ્રાઇલને પશ્ચાતાપ. પ્રે. ૫ : ૩૧. દેવે વિદેશીઓને પણ જીવનને સારૂ પસ્તાવો આપ્યો છે. પ્રે.

૧૧ : ૧૮. તમે કૃપાએ વિશ્વાસને આસરે તરાયલા છો, ને એ તમારાથી નથી, દેવનું દાન છે. એફ. ૨ : ૮.

૫૨. આપણે ઇશુ ખ્રીસ્તપર વિશ્વાસ કરીએ છીએ તે આપણને કેમ જણાય?

"જે દેવના પુત્ર પર વિશ્વાસ રાખેછે તેને પોતામાં સાક્ષી છે."– ૧ યો. ૫ : ૧૦.

કેમકે જેટલા દેવના આત્માથી દોરાયછે, તેઓ દેવના દીકરા છે. રૂમી. ૮ : ૧૪. તમે દેવનું મંદિર છો, ને દેવનો આત્મા તમારામાં વસેછે એ શું તમે જાણતા નથી? ૧ કરીંથી. ૩ : ૧૬. દેવે અમારા પર મુદ્રા કીધી, ને અમારા હરદયમાં આત્માનું બેઆનું દીધુંછે. ૨ કરીંથી. ૧ : ૨૨.

૫૩. એ સાક્ષી કઇ છે?

"આત્મા પોતે આપણાઆત્માની સાથે સાક્ષી આપેછે કે આપણે દેવનાં છોકરાં છીએ." રૂમી. ૮ : ૧૬.

આપણે તેનામાં રહિયે છિયે, ને તે આપણામાં, એ આપણે એથી જાણિયે છિયે કે તેણે પોતાના પવિત્રઆત્માનું આપણને આપ્યું છે. ૧ યો. ૪ : ૧૩. ને અંતઃકરણના જાણનાર દેવે જેમ આપણને તેમ તેઓને પણ પવિત્ર આત્મા આપવાથી તેણે તેઓની ત-

૨૬ શાહેદી પુરી. પ્રે. ૧૫: ૮. જે આત્મા એણે આપણને આપ્યો છે તેથી જાણિયેછિયે કે એ આપણામાં રહેછે. ૧ યો. ૩: ૨૪. અને તમે દીકરા છો, એ માટે દેવે આપણા હરદયમાં પોતાના દીકરાનો આત્મા મોકલ્યો છે, જે આબા, બાપ, એમ હાંક મારેછે. ગલા. ૪: ૬.

---

૩. તારણનું ફળ ને વિસ્તાર.

૫૪. આ વિશ્વાસથી કેવું ફળ નિપજેછે? **ન્યાયીકરણ, પુનર્જન્મ, ને પવિત્રીકરણ. રૂમી. ૫: ૧; યો. ૧: ૧૨, ૧૩; ગલા. ૨: ૧૯.**

ત્યારે વિશ્વાસથી ન્યાયી ઠરાવાએલા આપણને આપણા પ્રભુ ઇશુ ખ્રીસ્તને આસરે, દેવની સાથે સમાધાન છે. રૂમી. ૫: ૧. એ જાણીને કે માણસ નિયમની કરણીઓથી ન્યાયી ઠરાવાતું નથી, પણ ઈશુ ખ્રીસ્તપરના વિશ્વાસથી, અમે પણ ઈશુ ખ્રીસ્તપર વિશ્વાસ કીધો, કે અમે નિયમની કરણીઓથી નહિ પણ ખ્રીસ્તપરના વિશ્વાસથી ન્યાયી ઠરાવાઇએ. ગલા. ૨: ૧૬. આત્માના પવિત્રીકર-

ણથી તથા સત્યના વિશ્વાસથી તારણને અર્થે દેવે તમને આરંભથી પસંદ કીધા છે. ૨ થેસ્સા. ૨ : ૧૩. દેવની ઇચ્છા એવી છે કે, તમારૂં પવિત્રીકરણ થાય. ૧ થેસ્સા. ૪ : ૩.

પપ. ન્યાયીકરણ એટલે શું?

ન્યાયીકરણ ઈશ્વરની સ્વતંત્ર દયાનું કૃત્ય છે જેમાં ઇશુ ખ્રીસ્તને લીધે, તે આપણાં પાપની ક્ષમા કરેછે, અને પોતાની નજરમાં આપણને ન્યાયી જેવા માન્ય કરેછે. એફ. ૧ : ૭; ૨ કરીંથી. ૫ : ૨૧; રૂમી. ૩ : ૨૪; ૫ : ૧૯.

ઈશુ ખ્રીસ્તથી જે ઉદ્ધાર છે, તેની મારફતે દેવની કૃપાએ તેઓ મફત ન્યાયી ગણાયલા છે. રૂમી. ૩ : ૨૪. એમાં, એના લોહીને આસરે તેની કૃપાની સંપત પ્રમાણે, આપણને ઉદ્ધાર એટલે પાપની માફી છે. એફે. ૧ : ૭. જેણે પાપ જાણ્યું ન હતું, તેને તેણે આપણને વાસ્તે પાપરૂપ કીધો, એ સારૂ કે આપણે તેનામાં દેવના ન્યાયીપણારૂપ થઇએ. ૨ કરીંથી. ૫ : ૨૧. જેમ એક માણસે આજ્ઞા ભંગ કરી, તેથી ઘણાં પાપી ઠરાવાયાં, તેમજ એકે આજ્ઞા-

પાલન કરયું, તેથી ઘણાં ન્યાયી ઠરાવાશે. રૂમી. ૫: ૧૯.

૫૬. પુનર્જન્મ એટલે શું?

ખ્રીસ્તની પ્રતીમા પ્રમાણે આત્માનો નવો જન્મ, જેણે કરીને આપણે દેવના છોકરાં થઈએ છીએ, તે પુનર્જન્મ છે. એફ. ૧ : ૫; યો. ૧:૧૨, ૧૩; ૩: ૩; એફે. ૪: ૨૪; ૧ યો. ૩: ૨.

માટે, જો કોઈ માણસ ખ્રીસ્તમાં છે, તો તેની નવી ઉત્પત્તિ થઈ છે; જે જુનું તે વહી ગયું; જુઓ, બધું નવું થયુંછે. ૨ કરીંથી. ૫ : ૧૭. નવું માણસપણું જે દેવ પ્રમાણે ન્યાયીપણામાં તથા સત્યની શુદ્ધતામાં સૃજાએલું તે પહેરવું. એફ. ૪: ૨૪. જેટલાએ તેનો અંગીકાર કીધો, એટલે તેના નામપર વિશ્વાસ કીધો, તેટલાને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો. યો. ૧ : ૧૨.

૫૭. પવિત્રીકરણ એટલે શું?

પવિત્રીકરણ ઈશ્વરી દયાનું કૃત્ય છે, જેણે કરીને આપ-

એ માટે ઈશુએ પણ પોતાનાજ લોહીથી લોકોને પવિત્ર કરવા સારૂ દરવાજા બહાર સહ્યું હેબ્રી. ૧૩ : ૧૨. તેણે અમણાં પોતાના માં-

ણે પવિત્ર કરાઇએ છીએ. ૧ થેસ્સા. ૫ : ૨૩; એફે. ૧: ૪; કલો. ૧: ૨૨; હેબ્રી. ૧૩:૧૨.

સના શરીરમાં મરણવડે મેળાપ કરાવ્યો છે, એ સારૂ કે તમને પવિત્ર તથા નિર્દોષ તથા નિષ્કલંક પોતાની આગળ મુકે. કલો. ૧ : ૨૨. જેમ તેણે જગતના મંડાણની અગાઉ આપણને એમાં પસંદ કરયા છે, એ સારૂ કે, આપણે તેની આગળ પ્રીતિમાં પવિત્ર તથા નિર્દોષ થઇએ. એફે. ૧ : ૪. અને શાંતિનો દેવ પોતે તમને પુરા પવિત્ર કરો. અને આપણા પ્રભુ ઇશુ ખ્રીસ્તના આવવા સુધી તમારો સંપૂર્ણ આત્મા તથા પ્રાણ તથા શરીર નિર્દોષ રખાઓ. ૧ થેસ્સા. ૫ : ૨૩.

૫૮. શું પ્રત્યેક વિશ્વાસ કરનારનું પુરૂં પવિત્રીકરણ આ જીંદગીમાં થઈ શકે?

હા; પ્રભુની એવી આજ્ઞા છે કે, "હું પવિત્ર છું, માટે તમે પવિત્ર થા-

દેવની ઇચ્છા એવી છે કે, તમારૂં પવિત્રીકરણ થાય. ૧ થેસ્સા. ૪ : ૩. ખ્રીસ્તે મંડળી પર પ્રીતિ કીધી, ને તેને વાસ્તે પોતાને સોંપ્યો, એ સારૂ કે વાતથી પાણીને સ્નાને શુદ્ધ કરીને, તે એને પવિત્ર કરે, એ સારૂ કે તેને પોતાની પાસે મ-

ઓ," અને તેનું વચન એ છે કે, "જો આપણે આપણાં પાપ કબુલ કરીએ તો તે આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરે.—૧ પિતર ૧ : ૧૬; ૧ થેસ્સા. ૪:૩; ૧યો. ૧ : ૯.

હિમાવંતી રાખે, એટલે એવી મંડળી જેને ડાઘ કે કરચલી કે એવું કંઈ ન હોય; પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય. એફે. ૫ : ૨૫–૨૭. તેના પુત્ર ઈશુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરેછે. ૧ યો. ૧:૭. અને હું તમારાપર નિર્મલ પાણી છાંટીશ, ને તમે તમારા સર્વ વટાળમાંથી શુદ્ધ થશો; ને તમારા સર્વ ઠાકુરો પાસેથી તમને શુદ્ધ કરીશ. હજ. ૩૬ : ૨૫.

૫૯. પૂર્ણ ખ્રીસ્તી હોવું અથવા પૂર્ણ પવિત્ર થએલો ખ્રીસ્તી હોવું, એટલે શું?

પરમેશ્વરપર પોતાના આખા હરદય, ને જીવ, ને

પ્રભુ જે તારો દેવ, તે પર તું તારા આખા હરદયથી,ને તારા આખા જીવથી, ને તારા આખા મનથી પ્રીતિ કર. પહેલી ને મોટી આજ્ઞા એ છે. અને બીજી એના સરખી છે કે જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર. આ બે

મન, ને સામર્થ્યથી પ્રીતિ કરવી, અને જેવી પોતાપર પ્રીતિ કરેછે તેવીજ પોતાના પડોશીપર પ્રીતિ કરવી. આજ્ઞા આખા નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓનો પાયો છે. માત્થી ૨૨ : ૩૭-૪૦.

૬૦. શું ન્યાયી ઠરેલો અથવા પવિત્રીકરણ પામેલો ખ્રીસ્તી કૃપાથીપતિત થઈને નાશ પામી શકેછે?

હા; કારણ કે પાઉલ પ્રેરીતે પણ એવી બીહીક રાખી કે,—"રખે બીજાઓને સુવાર્ત્તા પ્રગટ કીધા છતાં હું પોતે નાપસંદ કરાઉં." ૧ કરીંથી. ૯ : ૨૭. વિશ્વાસ તથા સારૂં અંતઃકરણ રાખો, જેને કેટલાએકે મુકી દઇને વિશ્વાસ વિષેનું વહાણ ભાંગી નાખ્યું. ૧ તીમો. ૧ : ૧૯. આપણે સત્યની ઓળખ પામ્યા પછી, જો જાણી જોઈને પાપ કરિયે, તો તે પછી પાપોને સારૂ બીજો યજ્ઞ રહેતો નથી, પણ ઈન્સાફની બિહામણીજ વાટ જોવી તથા વૈરીઓને ખાઈ નાખનારા અગ્નિનો જોસ્સો એજ રહેછે. હેબ્રી. ૧૦ : ૨૬, ૨૭. તમે પ્રભુની સાથે હો, ત્યાર લગી તે તમારી સાથે છે, ને જો તમે તેને તજો

તો તે તમને તજશે. ૨ કાલ. ૧૫ : ૨. જો તે પાછો હઠે, તો તે સંબંધી મારો જીવ સંતુષ્ટ નહીં થશે. હેબ્રી. ૧૦ : ૩૮.

૬૧. પરમેશ્વરની કૃપાથી પાછા ન પડીએ માટે આપણે કેવી રીતે સાવધાન રહેવું જોઇએ?

જાગતું રહેવાથી, પ્રાર્થના કરવાથી, અને દેવના દીકરા પર વિશ્વાસ હમેશાં રાખવાથી.

પરીક્ષણમાં નહિ પડો માટે પ્રાર્થના કરો. લુક ૨૨: ૪૦. સાવધાન રહો, જાગતા રહો, ને પ્રાર્થના કરો. માર્ક ૧૩ : ૩૩. એ માટે જે પોતાને સ્થિર ધારેછે, તે ન પડે માટે સંભાળે. ૧ કરીંથી. ૧૦ : ૧૨. તું સર્વમાં સાવધાન થા. ૨ તીમો. ૪ : ૫. નિત્ય પ્રાર્થના કરો. ૧ થેસ્સા. ૫ : ૧૭. પ્રાર્થનાને સારૂ સાવચિત્ત રહો. ૧ પિતર ૪ : ૭.

પ્રકરણ ૫.—ઈશ્વરી કૃપાદાનો પામવાનાં સાધનો.

૧. મંડળી અને ઉપદેશકો.

૬૨. દેવની કૃપા પામવાનાં મુખ્ય સાધનો કયાં છે?

મંડળી, ધર્મસંસ્કાર, દેવનું વચન, ને પ્રાર્થના.

૬૩. દેવની મંડળીના કયાં બે રૂપ છે?

દૃશ્ય તથા અદૃશ્ય.

૬૪. દૃશ્ય મંડળી એટલે શું?

ખ્રીસ્તની દૃશ્ય મંડળી એટલે વિશ્વાસુ માણસોની સભા, જેમાં ખ્રીસ્તના ઠરાવ પ્રમાણે દેવના શુદ્ધ વચનનો ઉપદેશ કરાય છે, ને ધર્મસંસ્કાર યોગ્ય-

અને પવિત્રોની સંપૂર્ણતા કરવાને અર્થે, સેવાના કામને સારૂ, ખ્રીસ્તના શરીરનું સંસ્થાપન કરવા સારૂ, તેણે કેટલાએક પ્રેરિતો, કેટલાએક ભવિષ્યવાદીઓ, કેટલાએક સુવાર્ત્તિકો, ને કેટલાએક પાળકો તથા ઉપદેશકો આપ્યા. એફે. ૪ : ૧૧, ૧૨. અને સધળાં તેના પગોતળે નાખ્યાં,

રીતે પાળવામાં આવેછે. પ્રે. ૨ : ૪૨ ; માત્થી ૧૬ : ૧૮; એફે. ૫: ૨૭. ને તેને સર્વ પર મંડળીનું શીર કરીને ઠેરવ્યો; મંડળી તો તેનું શરીર છે. એફે. ૧ : ૨૨, ૨૩. ત્યારે જેઓએ તેની વાત આનંદથી અંગીકાર કીધી તેઓ બાપ્તિસ્મા પામ્યા, ને તેજ દિવસે ત્રણેક હજાર માણસ ઉમેરાયાં. ને તેઓ પ્રેરિતોના ઉપદેશમાં, તથા મેળાપમાં તથા રોટલી ભાંજવામાં તથા પ્રાર્થનામાં તત્પર રહ્યા. પ્રે. ૨ : ૪૧, ૪૨.

૬૫. અદૃષ્ય મંડળી એટલે શું?

હર વખતે દેવના ખરા લોક, તેઓ અદૃષ્ય મંડળી છે. તેમ ખ્રીસ્તમાં આપણે ઘણાં છતાં એક શરીર છિયે, ને માહોમાંહે એકમેકનાં અંગો. રૂમી. ૧૨ : ૫. અને સઘળાં તેના પગો તળે નાખ્યાં, ને તેને સર્વ પર મંડળીનું શીર કરીને ઠેરવ્યો; મંડળી તો તેનું શરીર છે. એફે. ૧ : ૨૨, ૨૩. મારાં બીજાં ગેટાં છે, તેઓ આ વાડામાંનાં નથી. યો. ૧૦ : ૧૬. પણ તમે સીઓન પહાડની પાસે, ને જીવતા દેવના શહેર એટલે આકાશના યરૂશાલેમની પાસે, ને હજારો હજાર દૂતોની પાસે, પહેલા જન્મેલા જે-

આનાં નામ આકાશમાં લખી લીધાં છે તેઓની સાર્વત્રિક સભા તથા મંડળીની પાસે, ને સહુનો ઇન્સાફ કરનાર દેવનીપાસે, ને સંપૂર્ણ થયલા ન્યાયીઓના આત્માઓની પાસે, આવ્યા છો. હેબ્રી. ૧૨ : ૨૨, ૨૩.

૬૬. જ્યાં ખ્રીસ્તની સુવાર્ત્તા પ્રગટ કરાય છે, ત્યાં બધાં માણસોની ફરજ એ છે કે તેઓએ ખ્રીસ્ત પર વિશ્વાસ રાખવો, તથા મંડળીના સભાસદો થવા જોઇએ કે નહીં?

તેઓ બધા એક થાય. ઓ બાપ, જેમ તું મારામાં ને હું તારામાં, તેમ તેઓ પણ આપણામાં એક થાય. યો. ૧૭: ૨૧.

હા; તેઓની એવી ફરજ છે; એ માટે કે તેઓ ખ્રીસ્ત, જે મંડળીનું શીર છે, તેના સાથે સંયોગ, ને તેના લોકની સાથે સત્સંગ પામે. એફે. ૫ : ૨૩; યો. ૧૭ : ૨૧; ૧ કરીંથી. ૧૨ : ૨૦.

૬૭. દેવનું વચન કોણ પ્રગટ કરે અને સં-

હારોનની પઠે દેવથી જે બોલાવાયો તે વગર કોઈ

સ્કારો કોણ આપે? **વિશ્વાસુ માણસો, જેઓ દેવથી બોલાવાએલા છે અને મંડળીથી ઉપદેશકનાં પદવી તથા કામમાટે જુદા કરાએલા છે, તેઓ.- હેબ્રી. ૫ : ૪; પ્રે. ૧૩ : ૨, ૩ ; ૧ તિમો. ૪ : ૧૫.**

પોતાને સારૂ આ માન લેતો નથી. હેબ્રી. ૫ : ૪. અમારૂં સામર્થ્ય દેવથી છે; તેણે પણ અમને નવા કરારના એટલે, અક્ષરના નહિ પણ આત્માના, યોગ્ય સેવકો કરયા. ૨ કરીંથી. ૩ : ૫, ૬. દેવના સામર્થના પરાક્રમે કરીને, તેની કૃપાનું દાન જે મને અપાયલું હતું તે પ્રમાણે, હું આ સુવાર્ત્તાનો સેવક થયલો છું. એફે. ૩ : ૭. ઈશુ ખ્રીસ્તનો દાસ પાઉલ, જે પ્રેરિત થવા સારૂ તેડાએલો, તથા દેવ પાસેથી સુવાર્ત્તાને અર્થે જુદો કરાઇને ઠરાવેલો છે. રૂમી. ૧ : ૧. પણ જેમ દેવે સુવાર્ત્તાનો કારભાર ચલાવવાને અમને પસંદ કીધા, તેમ અમે માણસોને પ્રસન્ન કરનારા જેવા નહિ, પણ અમારાં હરદયોના પારખનાર દેવને પ્રસન્ન કરવાને બોલિયે છિયે. ૧ થેસ્સા. ૨ : ૪. કેમકે જે અધિકાર પ્રભુએ તમારા નાશને સારૂ નહિ, પણ સુધારાને સારૂ અમને આપ્યો, તેમાં જો હું કંઇક અધિક અભિમાન કરૂં, તોપણ હું શરમાઉં નહિ. ૨ કરીંથી. ૧૦ :

૮. તેઓ પ્રભુની સેવા કરતા, તથા ઉપવાસ કરતા હતા, ત્યારે પવિત્ર આત્માએ કહ્યું કે, જે કામને વાસ્તે બારણબા તથા સાઉલને મેં તેડ્યા છે તે વાસ્તે તમે તેઓને મારેસારૂ જુદા કરો. ત્યારે તેઓએ ઉપવાસ તથા પ્રાર્થના કરીને તથા તેઓપર હાથ મુકીને તેઓને વિદાય કીધા. પ્રે. ૧૩ : ૨, ૩.

૨.-ધર્મ સંસ્કાર વિષે.

૬૮. ખ્રીસ્તે પોતાની મંડળીમાં કેટલા સંસ્કારો ઠરાવ્યા છે?
બે; બાપ્તિસ્મા, ને પ્રભુ ભોજન.-માત્થી ૨૮:૧૯; ૧ કરીંથી.૧૧: ૨૩-૨૬.

અને તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઇને સર્વ માણસોને સુવાર્ત્તા પ્રગટ કરો. જે વિશ્વાસ કરેછે તથા બાપ્તિસ્મા લેછે, તે તારણ પામશે. માર્ક ૧૬ : ૧૫, ૧૬. ઇશુએ રોટલી લઈને સ્તુતિ કરીને ભાંગી, ને તેઓને આપી; ને કહ્યું કે, લો, ખાઓ, એ મારૂં શરીર છે. ને વાટકો લઇને, સ્તુતિ કરીને તેઓને આપ્યો; ને બધાઓએ તેમાંથી પીધું. ને તેણે તેઓને કહ્યું કે, નવા કરારનું

આ મારૂં રક્ત છે, જે ઘણાઓને લીધે વેહેવડાયલું છે. માર્ક ૧૪ : ૨૨-૨૪.

૬૯. સંસ્કાર એટલે શું?

અંદરનાં અને આત્મિક કૃપાદાનની બાહ્ય અને દૃષ્ય નીશાની.

(૧.) બાપ્તિસ્મા વિષે.

૭૦. બાપ્તિસ્માની બહારની નિશાણી કયી છે?

બાપ તથા દીકરો તથા પવિત્રાત્માને નામે જે પાણી લગાએલું છે, તે.- યો.૩ :૫; માત્થી ૨૮ : ૧૯.

જો, પાણી છે, મારે બાપ્તિસ્મા પામવાને શો અટકાવ છે. પ્રે. ૮ : ૩૬. તેઓનું બાપ્તિસ્મા ન થાય માટે કોણ પાણીને મના કરી શકે. પ્રે. ૧૦ : ૪૭. એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ, તથા દીકરો તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. માત્થી ૨૮ : ૧૯.

૭૧. જે અંદરનું કૃપા- ઉઠીને પ્રભુના નામની પ્રા-

દાન બાપ્તિસ્માથી જણાય છે તે કયું?

પાપસંબંધીનું મરણ ને ન્યાયીપણા સંબંધીનો નવો જન્મ.

થૈના કરીને બાપ્તિસ્મા લે, ને પોતાનાં પાપ ધોઇ નાખ. પ્રે. ૨૨ : ૧૬. અને પાણી તો ઉપમારૂપે, એટલે બાપ્તિસ્માએ કરીને (જે દેહનો મેલ કહાડી નાખવો તે નહિ, પણ સારા અંતઃકરણથી દેવને ઉત્તર આપવો તેણે કરીને) ઈશુ ખ્રીસ્તના પુનરૂત્થાનથી અમણાં તમને પણ તારેછે. ૧ પીતર ૩ : ૨૧. તમારામાંના જેટલા ખ્રીસ્તમાં બાપ્તિસ્મા પામ્યા તેટલાએ ખ્રીસ્તને પહેર્યો. ગલા. ૩ : ૨૭.

૭૨. બાપ્તિસ્મા પામેલા માણસોને શો લાભ થાયછે?

તેઓ ખ્રીસ્તની દૃષ્ય મંડળીમાં દાખલ થાયછે; અને નવા કારારનો મધ્યસ્થ, જે ખ્રીસ્ત, તેની સા-

તારો તથા તારી પછી તારા બીજનો દેવ થવા સારૂ, હું પોતાના સ્થાપના મારા ને તારા મધ્યે ને તારી પછી તારા બીજમાં તેઓની પેહેડીઓમાં સનાતન સ્થાપના ઠરાવિશ. ઉત્પ. ૧૭ : ૭. જે વિશ્વાસ કરેછે તથા બાપ્તિ-

ઘે તેઓનો સંબંધ, ને તે કરારના આત્મિક આશીર્વાદો જેનો હક્ક તેઓને છે, તેનો પણ બહાલ ગંભીરતાથી તેઓને કરાય છે.

સ્મા લેછે, તે તારણ પામશે. માર્ક ૧૬: ૧૬. પાપ નિવારણને અર્થે પસ્તાવો કરો, ને ઈશુ ખ્રીસ્તને નામે તમારામાંનો પ્રત્યેક બાપ્તિસ્મા પામો, ને તમે પવિત્ર આત્માનું દાન પામશો. પ્રે. ૨: ૩૮.

(૨.) પ્રભુભોજન વિષે.

૭૩. પ્રભુભોજન શામાટે ઠરાવ્યું હતું?

ખ્રીસ્તનું યાજ્ઞિક મરણ ને તેણે કરીને જે લાભ આપણને થાય છે તેના નિરંતર સ્મરણને અર્થે.— ૧ કરીંથી. ૧૧: ૨૩–૨૬.

આપણો પાસ્ખા યજ્ઞ એટલે ખ્રીસ્ત તે આપણી વતી મરાયો છે. એમાટે આપણે પર્વ પાળિયે. ૧ કરીંથી. ૫: ૭, ૮. મારા સંભારણને વાસ્તે આ કરો. લુક ૨૨: ૧૯. જેટલીવાર તમે આ રોટલી ખાઓછો, ને આ વાટકો પીઓ છો તેટલીવાર તમે પ્રભુના આવ્યાસુધી તેનું મરણ દેખાડોછો. ૧ કરીંથી. ૧૧: ૨૬.

૭૪. પ્રભુભોજનની બહારની નિશાણી કઈ છે?

રોટલી તથા દ્રાક્ષરસ, જેઓ ખ્રીસ્તની આજ્ઞા પ્રમાણે લેવાય છે, તેઓ.

જે રાતમાં પ્રભુ ઇશુ પરસ્વાધીન કરાયો, તેમાં તેણે રોટલી લીધી, ને સ્તુતિ કરીને ભાંજી, ને કહ્યું કે લો, ખાઓ, એ મારૂં શરીર છે, જે તમારે સારૂ ભંજાએલું છે; અને એમજ ભોજન કરયા પછી, વાટકો પણ લઇને કહ્યું કે આ વાટકો મારા રક્તમાં નવો કરાર છે. ૧ કરીંથી. ૧૧ : ૨૩–૨૫.

૭૫. આ સંસ્કારના અંદરનું કૃપાદાન એટલે શું?

આપણે ખ્રીસ્તના શરીર ને રક્તના ભાગીદાર થઇયે છિયે જેણે કરીને આપણે તેના યાજ્ઞિક મરણ સંબંધીનું સ્મરણ કરી-

આશીર્વાદનો વાટકો જેપર અમે આશીર્વાદ માગિયે છિયે, તે શું ખ્રીસ્તના રક્તની સંગત નથી? અમે જે રોટલી ભાંગિયે છિયે, તે શું ખ્રીસ્તના શરીરની સંગત નથી? ૧ કરીંથી. ૧૦ : ૧૬. આપણો પાસ્ખા યજ્ઞ એટલે ખ્રીસ્ત તે આપણી વતી મરાયો છે. ૧ કરીંથી. ૫ : ૭. જેટલી વાર તમે આ

એ છિએ અને તેનીજ મરજી કરવાને માટે આત્મિકશક્તિ પામીએ છીએ, તે.

રોટલી ખાઓ છો, ને આ વાટકો પીઓછો, તેટલી વાર તમે પ્રભુના આવ્યા સુધી તેનું મરણ દેખાડોછો. ૧ કરીંથી. ૧૧ : ૨૬. મારી યાદગારીને સારૂ એ કરો. ૧ કરીંથી. ૧૧ : ૨૪.

આપણે કૃપા પકડી રાખિયે, જેથી આપણે પ્રસન્ન થાય એવી રીતે તેની સેવા માનથી તથા સુબિહીકથી કરિયે. હેબ્રી. ૧૨ : ૨૮.

૩.—દેવનું શાસ્ત્ર, અને પ્રાર્થના.

૭૬. ધર્મ સંબંધીની સત્યતા અને ફરજનું ખરૂં જ્ઞાન આપણને ક્યાંથી મળેછે?

પવિત્ર શાસ્ત્રમાંથી.

૭૭. પવિત્ર શાસ્ત્ર એટલે શું?

ઈશ્વરી સત્યતાનું પ્રગટીકરણ, અને દેવની ઇચ્છાનો લેખ.

૭૮. ખ્રીસ્તી માણસોનો વિશ્વાસ ને

પ્રભુનો નિયમ સંપૂર્ણ છે; આત્માનો ફેરવીલાવનાર, પ્ર-

આચરણનો એકજ સંપૂર્ણ નિયમ કયો છે?

દેવનું વચન જેમ જુના તથા નવા કરારમાં લખાએલું છે, તે.

ભુનું સાક્ષ્ય વિશ્વાસ યોગ્ય છે; ભોળાને બુદ્ધિવાન કરનાર. ગી. ૧૯ : ૭. બાળપણાથી પવિત્રશાસ્ત્ર તું જાણેછે, તે ઈશુખ્રીસ્તપરના વિશ્વાસથી તારણને સારૂ જ્ઞાન આપી શકેછે. ૨ તીમો. ૩ : ૧૫. પણ જે છુટાપણાના સંપૂર્ણ નિયમમાં ધારીને જુએ છે, ને તેમાં રહેછે, જે ભુલી જાય એવો સાંભળનાર તો નહિ, પણ કામનો કરનાર થાયછે, તેજ પોતાના કરવામાં ધન્ય થશે. યાકુ. ૧ : ૨૫. પણ જે સુવાર્ત્તા અમે તમને પ્રગટ કરી, તે વિના બીજી જો અમે અથવા આકાશનો કોઈ દૂત પણ તમને પ્રગટ કરે, તો તે શ્રાપિત થાય. ગલ.. ૧ : ૮. આ પુસ્તકમાંનાં ભવિષ્યનાં વચનો જે કોઈ સાંભળેછે તેને હું શાહેદી પુરૂંછું કે, જો કોઈ તેઓને વધારશે તો તેનાપર દેવ આ પુસ્તકમાં લખેલો અનર્થ વધારી મુકશે. પ્રગટી. ૨૨ : ૧૮.

૭૯. આપણે પવિત્રશાસ્ત્ર કેવી રીતે ઉપયોગમાં લેવું

તમે શાસ્ત્ર તપાસી જુઓ; કેમકે તેઓથી તમને અનંત જીવન છે, એમ તમે ધારોછો,

જોઇએ ?

આપણે ગંભીર ને ઉદ્યોગી રીતે પ્રાર્થના સાથે દેવનું શાસ્ત્ર શીખવું જોઇએ; એ માટે કે આપણે તે સમજીએ, તેનાપર વિશ્વાસ રાખીએ, ને તે પ્રમાણે ચાલીએ.–યો. ૫ : ૩૯.

ને જેઓ મારા વિષે શાહેદી આપેછે, તેઓ એજ છે. યો. ૫ : ૩૯. પ્રભુના પુસ્તકમાં શોધ કરો, ને વાંચો. યશા. ૩૪ : ૧૬. નિયમનીપાસે તથા સાક્ષનીપાસે. યશા. ૮ : ૨૦. સાંભળવાથી વિશ્વાસ તથા દેવની વાતની મારફતે સાંભળવું થાયછે. રૂમી. ૧૦ : ૧૭. પણ તમે વચનના પાળનારા થાઓ, પોતાને ભુલાવતાં કેવળ સાંભળનારાજ નહિ. યાકુ. ૧ : ૨૨. મારી આંખોને તું ઉઘાડ; ને તારા નિયમશાસ્ત્રથી હું આશ્ચર્ય વાતો જોઇશ. ગી. ૧૧૯ : ૧૮. ને થેસ્સાલોનીકેના કરતાં એઓ અધિક ગુણવાન હતા, કેમકે એઓએ મનના પુરા આવેશથી વાત અંગીકાર કીધી, ને વાતો એમજ છે કે નહિ, એ વિષે નિત્ય ધર્મલેખો તપાસતા હતા. પ્રે. ૧૭ : ૧૧.

૮૦. પ્રાર્થના એટલે શું ?

સર્વ સમયે તેનો ભરોસો રાખો, તમ લોક તેની સન્મુ-

ખ્રીસ્તના નામે આપણી ઇચ્છાઓ દેવને જણાવવી એ પ્રાર્થના છે. ખ તમારૂં હરદય રેડો. ગી. ૬૨ : ૮. મારા નામે જે કંઈ તમે બાપ પાસે માગશો તે તમને તે આપશે. યો. ૧૬ : ૨૩. આપણે આકાશમાંના દેવની ભણી પોતાનું હરદય હાથ સુદ્ધાં ઉડાવિએ. ઈર્મે. વિલા. ૩ : ૪૧.

૮૧. પ્રાર્થના સાથે હમેશાં શું જોડાએલું હોવું જોઈએ? **પાપને માટે નમ્ર કબુલાત, દેવની દયાને લીધે ખરા અંતઃકરણની ઉપકારસ્તુતિ અને તેના વચનપર ખરો વિશ્વાસ પ્રાર્થના સાથે હમેશાં જોડાએલાં હોવાં જોઇએ.** મેં મારા દેવ પ્રભુની પ્રાર્થના કીધી; ને સ્વીકાર કીધો. દાનિ. ૯ : ૪. પ્રાર્થનામાં ટકો, ને તેમાં ઉપકારસ્તુતિ સાથે જાગતા રહો. કલો. ૪ : ૨. સર્વ વિષે પ્રાર્થના તથા વિનંતિઓ ઉપકારસ્તુતિ સાથે, તમારી અરજીઓ દેવને જણાવો. ફિલિ. ૪ : ૬. અને તમારામાંનો જો કોઇ જ્ઞાન વિષે ઓછો હોય, તો દેવની પાસેથી તે માગવું, પણ કંઇ સંદેહ ન રાખતાં, વિશ્વાસથી માગવું. યાકુ. ૧ : ૫, ૬. જો આ-

પણે તેની ઇચ્છા પ્રમાણે કંઇ માગિયે, તો તે આપણું સાંભળેછે; ને જે કંઈ માગિયે જો તે સંબંધી આપણે જાણિયે કે તે આપણું સાંભળેછે, તો જે આપણે તેની પાસેથી માગ્યું છે તે આપણને મળેછે, એ પણ આપણે જાણિયે છિયે. ૧ યો. ૫ : ૧૪, ૧૫.

૮૨. આપણે ક્યાં પ્રર્થના કરવી જોઇએ?

પ્રગટ રીતે દેવના મંદીરમાં ને ખાનગી રીતે આપણાં કુટુંબ અને આપણી ઓરડીઓમાં.

આભાર માની તેની ભાગલોમાં આવો, ને સ્તવનથી તેનાં આંગણામાં, તેનો આભાર માનો, તેના નામને ધન્ય કહો. ગી. ૧૦૦ : ૪. જો પૃથ્વીપર તમારામાંના બે કંઈ પણ વાત સંબંધી એક ચિત્તના થઇને માગશે, તો મારા આકાશમાંના બાપથી તેઓને સારૂ તે કરાશે. કેમકે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થએલા હોય ત્યાં તેઓની વચમાં હું છું. માત્થી ૧૮ : ૧૯, ૨૦. જે કુલો તારૂં નામ નથી લેતાં, તેઓપર તારો કોપ રેડીદે. ઈર્મે. ૧૦ : ૨૫. પણ જ્યારે તું પ્રાર્થના કરેછે, ત્યારે પોતાની ઓરડીમાં પેસ, ને તારૂં બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા બાપની પ્રાર્થના કર. માત્થી ૬ : ૬.

૮૩. પ્રાર્થનાવિષે કયું વિષેશ ઉદાહરણ શાસ્ત્રમાં આપણને અપાય છે?

માટે તમે એ રીતે પ્રાર્થના કરો. માત્થી ૬ : ૯.

પ્રભુની પ્રાર્થના.

૮૪. શું પ્રભુની પ્રાર્થના તમને મહોડે આવડે છે?

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વીપર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ. અને જેમ અમે અમારા ઋણિઓને માફ કરિયે છિયે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર. અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

પ્રકરણ ૬.—દેવનો નિયમ.

પરમેશ્વર તથા માણસોની તરફની ફરજ વિષે.

૮૫. દેવ માણસ પાસેથી શું સત્તાથી માગે છે?

તેની પ્રગટ કરેલી ઇચ્છાને આજ્ઞાધીનપણું.

દેવનું ભય રાખ, ને તેની આજ્ઞાઓ પાળ; કેમકે માણસનું એ સર્વ છે. સભાક્ષિ. ૧૨: ૧૩. પ્રભુ તારી પાસે શું માગે છે, કેવળ પ્રભુ તારા દેવથી બિહીવું, તેના સર્વ માર્ગોમાં ચાલવું, તારા સર્વ હૃદયથી તથા તારા સર્વ જીવથી પ્રભુ તારા દેવની સેવા કરવી. પુન. ૧૦: ૧૨.

૮૬. આપણા આજ્ઞાધીનપણાનો નિયમ શો છે?

જો તું જીવનમાં પેસવા ચાહેછે, તો આજ્ઞાઓ પાળ. માત્થી ૧૯: ૧૭.

નીતિ સંબંધીનો નિયમ.

૮૭. નીતિ સંબંધીનો નિયમ શામાં અપાયો છે?

દસ આજ્ઞામાં.-નિર્ગમ. ૨૦ : ૧-૧૭.

૮૮. પહેલી આજ્ઞા કયી છે?

મારી સન્મુખ તને અન્ય દેવો નાહો.

પ્રભુ જે તારો દેવ તેનું ભજન કર ને તેની એકલાનીજ સેવા કર. માત્થી ૪ : ૧૦. તમે પોતાના જીવોને બહુ સંભાળો; રખે આકાશની ભણી તારી આંખો ઉઠાવીને, ને સૂર્યને તથા ચંદ્રને તથા તારાઓને, એટલે આકાશના સર્વ સૈન્ય જેઓ પ્રભુએ આકાશ તળેના સર્વ લોકોને વેહેંચ્યા છે તેઓને જોઈને તું તેઓની પૂજા કે સેવા કીધામાં ભ્રમિષ્ટ થાય. પુન. ૪ : ૧૫, ૧૯. હું મિસર દેશથી પ્રભુ તારો દેવ છું; મારા વિના તું કોઇ દેવને જાણિશ નહિ. હોશી. ૧૩ : ૪.

૮૯. બીજી આજ્ઞા કયી છે?

તું પોતાને સારૂ કોઇ કોરેલી મૂર્તિ ન કર; જે ઉપર આકાશમાં, કે જે તળે પૃથ્વીપર, કે

પોતાના જીવોને બહુ સંભાળો; રખે તમે બગડી જાઓ, ને કોઇ આકૃતિની કોરેલી પ્રતિમા બનાવો. પુન. ૪ : ૧૫, ૧૬. તું બીજા દેવની પૂજા ન કરીશ; કેમકે પ્રભુ જેનું નામ આસ્થાધારી તે આસ્થાધારી

જે પૃથ્વીની તળે પાણીમાં, તેઓની દેવ છે. નિર્ગ. ૩૪:૧૪.

પ્રતિમા ન કર; તું તેઓને ન નમ; ને તેઓની સેવા ન કર; કેમકે હું પ્રભુ તારો દેવ આસ્થાધારી દેવ છું. જેઓ મારો દ્વેષ કરેછે તેઓની ત્રીજી ચોથી પેઢી સુધી બાપોના અન્યાયના કારણથી છોકરાંની શિક્ષા કરનાર; અને મારા ઉપર જેઓ પ્રીતિ કરેછે, અને મારી આજ્ઞાઓ પાળેછે, તેઓની હજારો પેઢીપર હું દયા કરનાર છું.

૯૦. ત્રીજી આજ્ઞા કયી છે?

પરમેશ્વર જે તારો દેવ તેનું નામ તું વૃથા નલે, કેમકે જે તેનું નામ વૃથા લેછે તેને પરમેશ્વર નિર્દોષ નહિ ગણશે.

હું તમને કહુંછું કે, કંઇજ સમ ન ખાઓ; આકાશના નહિ, કેમકે તે દેવનું રાજ્યાસન છે; અને પૃથ્વીના નહિ, કેમકે તે તેનું પાદાસન છે; અને યરૂસાલેમના નહિ, કેમકે તે મોટા રાજાનું નગર છે. અને તું પોતાના માથાના પણ સમ ન ખા, કેમકે તારાથી એક નીમાળો ધોળો અથવા કાળો નથી કરાતો પણ તમારૂં

બોલવું હાનું હા, ને નાનું ના હોય, કાંજે એ કરતાં અધિક જે છે તે ભુંડાથી છે. માત્થી ૫: ૩૪–૩૭.

૬૧. ચોથી આજ્ઞા કયી છે?

સાબ્બાથ દિનસ પવિત્ર પાળવાને તેનું સ્મરણ કર; છ દિવસ મેહેનત કર, ને તારૂં સર્વ કામ કર; પણ સાતમો દિવસ પ્રભુ તારા દેવનો સાબ્બાથ છે, તેમાં તું કંઈ કામ ન કર; તું કે તારો દીકરો કે તારી દીકરી કે તારો દાસ કે તારી દાસી કે તારા પશુ કે તારા બારણામાં જે પરદેશી હોય તેઓ પણ કામ ન કરે;

તમે મારા સાબ્બાથ પાળો; ને મારા શુદ્ધસ્થાનનું ભય રાખો; હું પ્રભુ છું. લેવી. ૧૯: ૩૦. છ દિવસ કામ કરાએ; ને સાતમા દિવસમાં વિશ્રામનો સાબ્બાથ, શુદ્ધ સભા થશે; તમે કંઈ કામ ન કરો. લેવી ૨૩:૩. મારી તથા ઈસ્રાઈલ પુત્રોની વચમાં તે નિત્ય ચિન્હ છે; કેમકે પ્રભુએ છ દિવસોમાં આકાશને તથા પૃથ્વીને બનાવ્યાં; ને સાતમે દિવસે તે સ્વસ્થ રહ્યો, તથા વિશ્રાંત થયો. નિર્ગ. ૩૧: ૧૭. દેવે સાતમા દિવસને આશીર્વાદ દિધો, ને તેને પવિત્ર કીધો. ઉત્પ. ૨: ૩. છ દિવસ તું તારાં કામ કર, ને સાતમે દિવસે સ્વસ્થ રહે. નિર્ગ. ૨૩: ૧૨. જો તું સાબ્બા-

કેમકે પ્રભુએ છ દિવસમાં આકાશ તથા પૃથ્વી તથા સમુદ્ર તથા તેઓમાંનાં સઘળાંને ઉત્પન્ન કરીને સાતમે દિવસે તે સ્વસ્થ રહ્યો; એમાટે પ્રભુએ સાબ્બાથ દિવસને આશીર્વાદ દઇને પવિત્ર ઠરાવ્યો.

થપરથી, મારા પવિત્ર દિવસે પોતાની મરજી કરવાથી, પોતાના પગ પાછા ફેરવીશ, ને સાબ્બાથને આનંદકારક, પ્રભુના પવિત્ર [દિવસને] ગૌરવી કહીશ, ને પોતાના માર્ગો ન કરીને તથા પોતાની મરજી ન સાધીને, તથા વાતચીત ન કરીને, તેને ગૌરવી માનીશ. ત્યારે તું પ્રભુએ આનંદ પામીશ, ને હું તને પૃથ્વીના ઉંચા સ્થાનોએ સ્વારી કરાવીશ; ને તારા પિતા યાકુબના વારસાનું હું તને ખવડાવીશ. યશા. ૫૮ : ૧૩, ૧૪.

૯૨. પાંચમી આજ્ઞા કયી છે?

તારા બાપનું તથા તારી માનું સન્માન કર; એ માટે કે, પ્રભુ તારો દેવ જે

પોતાનાં માબાપને માન આપ. માત્થી ૧૯ : ૧૯. છોકરાં, પ્રભુમાં તમારાં માબાપને માનો, કેમકે એ યથાન્યાય છે. તારા બાપ તથા માનું સન્માન કર (તે વચન

દેશ તને આપેછે તેમાં તારા દિવસ દીર્ઘ થાય.

સહિત પહેલી આજ્ઞા છે) એ સારૂ કે તારૂં ભલું થાય, ને પૃથ્વીપર તારૂં આયુષ્ય લાંબું થાય. એફ. ૬ : ૧-૩.

૯૩. છઠ્ઠી આજ્ઞા કયી છે ?

તું હત્યા ન કર.

હરેક જે પોતાના ભાઈપર દ્વેષ રાખેછે તે મનુષ્ય ઘાતક છે. ૧ યો. ૩ : ૧૫.

૯૪. સાતમી આજ્ઞા કયી છે ?

તું વ્યભિચાર ન કર.

કોઇ અશુદ્ધ માણસને દેવના રાજ્યમાં વારસો નથી. એફે. ૫ : ૫. પણ વ્યભિચાર તથા સર્વ અશુદ્ધતા અથવા દ્રવ્યલોભ, એઓનાં નામ તમારે કદી ન લેવાં. એફે. ૫ : ૩. જે કોઇ બાયડી ઉપર ખોટી નજર રાખેછે, તેણે એટલામાં પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કરયો છે. માત્થી ૫ : ૨૮.

૯૫. આઠમી આજ્ઞા કયી છે ?

તું ચોરી ન કર.

તારા પડોશીપર તું જુલમ ન કર, ને તેને ન લૂટ. લેવી ૧૯ : ૧૩. તમે ચોરી ન કરો; ને મિથ્યાવાદ ન કરો. લેવી ૧૯ : ૧૧.

૯૬. નવમી આજ્ઞા કયી છે ?

તું પોતાના પડોશી સંબંધી જુઠી સાક્ષી ન પૂર.

તમે એક બીજાને ઉલટું ન બોલો. યાકુ. ૪ : ૧૧. સર્વ નિંદા તમારાથી દૂર કરો. એફે. ૪ : ૩૧. તું મિથ્યા શ્રુતિ ન ધર; તું ઉપદ્રવ દાયક સાક્ષી થઈને દુષ્ટની સાથે હાથ ન ઘાલ. નિર્ગ. ૨૩ : ૧. સઘળા જુડા એઓનો ભાગ, અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં થશે; એજ બીજું મરણ છે. પ્રગટી. ૨૧ : ૮.

૯૭. દશમી આજ્ઞા કયી છે ?

તું તારા પડોશીના ઘરપર લોભ ન રાખ; ને તારા પડોશીની બાયડી, કે તેનો દાસ કે તેની દાસી, કે તેનો બળદ કે ગધેડો, કે તારા પડોશીનું જે કંઇ હોય તેપર લોભ ન રાખ.

તમારો સ્વભાવ નિર્લોભી થાય; પોતાની પાસે જે છે તેથી સંતોષી થાઓ. હેબ્રી. ૧૩ : ૫. દ્રવ્યલોભનાં નામ તમારે કદી ન લેવાં, એમજ પવિત્રોને શોભેછે. એફે. ૫ : ૩. જે કંઈ તારા પડોશીનું તેનો તું લોભ ન કર. પુન. ૫ : ૨૧. જો જો, લોભથી સાવધાન રહો. લુક ૧૨ : ૧૫.

૯૮. દેવની આજ્ઞાઓનો સારાંશ જે આપણા તારનારે આપ્યો તે કયો?

તેણે કહ્યું કે "પ્રભુ જે તારો દેવ, તેપર તું તારા આખા હરદયથી, ને તારા આખા જીવથી, ને તારા આખા મનથી પ્રીતિ કર." પહેલી ને મોટી આજ્ઞા એ છે. અને બીજી એના સરખી છે કે "જેવી પોતાપર તેવી પોતાના પડોશીપર તું પ્રીતિ કર." આ બે આજ્ઞાઓ આખા નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓનો પાયો છે. માત્થી ૨૨ : ૩૭–૪૦.

૯૯. આપણો તારનાર આજ્ઞાઓનો ખુલાસો શી રીતે કરેછે?

તે કહેછે કે "પાપ કૃત્યથી ન કર એટલુંજ નહિ, પણ વિચારોએ કરીને પણ ન કર. માત્થી ૫ : ૨૧, ૨૨, ૨૭, ૨૮.

વ્યભિચાર નં કર, એમ પુરાતન લોકોને કહેલું હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહુંછું કે, જે કોઇ બાયડી ઉપર ખોટી નજર રાખેછે, તેણે એટલમાં પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કરયો છે. માત્થી ૫ : ૨૭, ૨૮.

૧૦૦. આપણા પ્રભુનો હુકમ જે ઘણુંકરીને સોનેરી નિયમ કહેવાય છે, તે શું છે?

" જે જે તમે ચાહો છો કે બીજાં માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો. " માત્થી ૭ : ૧૨.

તું જેમ પોતાપર, તેમ તારા પડોશીપર પ્રેમ કર. ગલા. ૫ : ૧૪. એમ ન કહે કે, તેણે જેવું મને કર્યું તેવું હું તેને કરીશ, ને માણસને તેનાં કામ પ્રમાણે હું વાળી આપીશ. દૃષ્ટાંત. ૨૪ : ૨૯.

૧૦૧. શું નિયમ પાળ્યાથી કોઇ માણસ તારણ પામી શકે છે?

ના; "કોઇ માણસ નિયમની કરણીઓથી ન્યાયી ઠરાવાશે નહિ." રૂમી. ૩ : ૨૦.

હે પ્રભુ, જો અન્યાય કર્મોને તું લક્ષ લગાડે, તો હે ધણી, કોણ ઉભો રહેશે? ગી. ૧૩૦ : ૩. કેમકે તારી દૃષ્ટીમાં કોઇ સજીવ ન્યાયી ન ઠરશે. ગી. ૧૪૩ : ૨. કેમકે નિયમની કરણીના જેટલા છે તેટલા શાપ તળે છે, નિયમથી દેવની આગળ કોઈપણ ન્યાયી ઠરતું નથી. ગલા. ૩ : ૧૦, ૧૧.

૧૦૨. ત્યારે નિયમનો શો ઉપયોગ છે?
તે એવું દેખાડે છે કે માણસોને ખ્રીસ્તની જરૂર છે; "કારણકે નિયમથી તો પાપનું ઓળખાણ થાયછે."—રૂમી. ૩: ૨૦; ગલા. ૩ : ૧૯.

આપણે ખ્રીસ્તની ભણી પોહોંચાડવા સારૂ નિયમશાસ્ત્ર આપણો બાળશિક્ષક હતો, એ માટે કે આપણે વિશ્વાસથી ન્યાયી ઠરિયે. પણ વિશ્વાસ આવ્યો ત્યાર પછી આપણે બાળશિક્ષકના હાથતળે નથી. ગલા. ૩ : ૨૪, ૨૫. નિયમ ઉલ્લંઘનોનેલીધે આપેલો હતો. ગલા. ૩ : ૧૯.

૧૦૩. શું બધા ખ્રીસ્તીઓ નિયમપાળવાને બંધાએલા છે?
હા; તેઓ "દેવને તો નિયમરહિત નહિ, પણ ખ્રીસ્તને નિયમસહિત."-૧ કરીંથી. ૯ : ૨૧.

સુંનત તો કંઈ નથી, ને બે સુંનત કંઇ નથી, પણ દેવની આજ્ઞાનું પાળન તેજ. ૧ કરીંથી. ૭ : ૧૯. નિમશાસ્ત્ર અથવા ભવિષ્યવાદીઓની વાતોનો નાશ કરવાને હું આવ્યો છું, એમ ન ધારો; નાશ કરવા તો નહિ, પણ પૂર્ણ કરવાને આવ્યો છું. કેમકે હું તમને ખચીત કહુંછું કે, આકાશ

તથા પૃથ્વી ટળી જાય ત્યાંસુધી સઘળાં પૂરાં થયાવગર નિયમશાસ્ત્રમાંથી એક કહાનો અથવા એક માત્રા ટળી જશે નહિ. માત્થી ૫ : ૧૭, ૧૮.

પ્રકરણ ૭.–મરણ, ઈન્સાફ તથા પરલોક વિષે.

૧૦૪. શું આ દુનીઆમાં આપણે ઘણી વખતસુધી રહીએ છીએ?

ના; જીંદગી ટુંકી અને અનિશ્ચિત છે, ને આપણ સઘળાએ મરવું પડશે. અયૂબ ૧૪ : ૧૦.

પુરૂષ મરેછે; ને ખઇ જાએછે; ને માણસ ગુજરી જાએછે. અયૂબ ૧૪ : ૧૦. માણસ થોડા દિવસનું છે. અયૂબ ૧૪ : ૧. માણસોને એકવાર મરવું એવું ઠરાવેલું છે. હેબ્રી, ૯ : ૨૭. કયો પુરૂષ જીવશે. ને મરણને ન જોશે? ગી. ૮૯ ૪૮. હું જાણું છું કે, તું મને મરણમાં લાવીશ; ને સર્વ સજીવને સારૂ ઠરાવેલા ઘરમાં. અયૂબ ૩૦ : ૨૩. કેમકે અમે મરીશું એ જીવતાઓ જાણેછે. સભાશિ. ૯ : ૫. કાલે શું થશે એ તમે જાણતા નથી; કેમકે તમારૂં આયુષ્ય કેવું? તે તો ધુંવર છે, થોડીવાર દેખાયછે, ને પછી જતી રહેછે. યાકુ. ૪ : ૧૪.

૧૦૫. શું મરવું તે જીવતા દેવના હાથમાં પ-

ભયંકર નથી?

જે સર્વ ખરા ખ્રીસ્તી નથી તેઓને તે ભયંકર છે.

ડર્વું એ બિહામણું છે. હેબ્રી. ૧૦ : ૩૧. જે મરનારાઓ પ્રભુમાં મરણ પામેછે, તેઓને ધન્ય છે. પ્રગટી. ૧૪ : ૧૩.

૧૦૬. ખરા ખ્રીસ્તીઓએ મરવા સારૂ કેમ બીહીક ન રાખવી?

કારણ કે મરણનો ડંખ દુર કરાયો છે, ને તેમને ખાતરી છે કે તેઓ સ્વર્ગમાં જશે.

અરે મરણ, તારો ડંખ ક્યાં? અરે મરણ, તારો જય ક્યાં? દેવ જે આપણા પ્રભુ ઈશુખ્રીસ્તને આશ્રે આપણને જય આપેછે, તેની સ્તુતિ થાઓ. ૧ કરીંથી. ૧૫ : ૫૫, ૫૭. હું મૃત્યુલોકના હાથથી તેઓને છોડાવીશ; હું મરણથી તેઓને ખંડી લઈશ, મરણ તારૂં પીડાપાત ક્યાં? હોશી. ૧૩ : ૧૪. સૈન્યનો પ્રભુ સર્વકાળસુધી મરણને સમાપ્ત કરશે. યશા. ૨૫ : ૮. કેમકે અમને માલમ છે કે જો અમારૂં પૃથ્વી પરનું માંડવાનું ઘર પડી ગયું, તો આકાશમાં દેવની રચના, હાથે કીધેલું નહિ, એવું સર્વકાળનું ઘર અમને છે. ૨ કરીંથી. ૫ : ૧. અવિનાશી તથા નિર્મળ તથા ન ચીમળાનાર વતન તમારે વાસ્તે આકાશમાં રાખી મુકેલું છે. ૧ પીતર ૧ : ૪.

૧૦૭. માણસનાં શરીરો કબરમાં ક્યાંસુધી રહેશે?

છેલ્લા દિવસ સુધી, જ્યારે ખ્રીસ્ત મુએલાંઓને ન્યાયકરણને સારૂ ઉઠાડશે.

જુઓ, તે આવેછે ને હરેક આંખ તેને દેખશે. પ્રગટી. ૧ : ૭. પ્રભુ ઈશુખ્રીસ્ત જે જીવતા તથા મુએલાઓનો ન્યાય કરવાનો છે. ૨ તીમો. ૪ : ૧. જ્યારે માણસનો દીકરો પોતાના મહિમાએ સર્વ પવિત્ર દૂતો સુદ્ધાં આવશે, ત્યારે તે પોતાના મહિમાના રાજ્યાસનપર બેસશે. અને સર્વ લોક તેની આગળ એકઠા કરાશે. માત્થી ૨૫ : ૩૧, ૩૨.

૧૦૮. શું સઘળાં મુએલાં પાછાં ઉઠશે?

"ધાર્મિકોનું તથા અધાર્મિકોનું મુએલાઓમાંથી પુનરૂત્થાન થશે."–પ્રે. ૨૪ : ૧૫; અયૂબ ૫ : ૨૮, ૨૯.

અને મુએલાંને, મોટાં તથા નાનાંને દેવની આગળ ઉભાં રહેલાં મેં દીઠાં. પ્રગટી. ૨૦ : ૧૨. અને સર્વ લોક તેની આગળ એકઠા કરાશે. માત્થી ૨૫ : ૩૨. એવી વેળા આવેછે કે, જેમાં સર્વ, જે કબરોમાં છે તેઓ તેની વાણી સાંભળશે; ને જેઓએ સારાં કામ કીધાં

છે, અને જેઓએ ભુંડાં કીધાં છે, નીકળી આવશે. યો. ૫: ૨૮, ૨૯. ખ્રીસ્તમાં સર્વ સજીવ કરાશે. ૧ કરીંથી. ૧૫: ૨૨. રણસીંગડું વાગશે, ને મુએલાં અવિનાશી ઉઠડાશે. ૧ કરીંથી. ૧૫: ૫૨.

૧૦૯. શું છેલ્લે દિવસે સર્વ માણસોનો ન્યાય ઠરાવશે?

"આપણ સર્વ ખ્રીસ્તના ન્યાયાસનની આગળ પ્રગટ થવું જોઇએ, કે પ્રત્યેકે શરીરથી જે કીધું, સારૂં હોય કે ભુંડું હોય તે પ્રમાણે તે ફળ પામે." ૨ કરીંથી. ૫: ૧૦.

કેમકે તેણે એક દિવસ ઠરાવ્યો છે જેમાં પોતાના ઠરાવેલા માણસવડે જગતનો ન્યાય ન્યાયીપણાએ તે કરશે. પ્રે. ૧૭: ૩૧. આપણે સહુ ખ્રીસ્તના ન્યાયાસન આગળ ઉભા રહીશું. રૂમી. ૧૪: ૧૦. ન્યાયી તથા દુષ્ટ તેઓનો નિર્ણય દેવ કરશે. સભાશિ. ૩: ૧૭. પ્રભુ પૃથ્વીના છેડાઓ સુધી ન્યાય કરશે. ૧ શમુ. ૨: ૧૦. ને હરેકનો ન્યાય પોતાની કરણી પ્રમાણે ઠરાવાયો. પ્રકટી. ૨૦: ૧૩. માણસનો દીકરો પ્રત્યેકને તેના કામ પ્રમાણે ભરી આપશે. માત્થી ૧૬: ૨૭. જેમ હરેકનું કામ છે તેમ તેને ભરી આપવાનો મારી પાસે બદલો છે. પ્રકટી. ૨૨: ૧૨.

૧૧૦. ખ્રીસ્ત દુષ્ટને શી શીક્ષાનો ઠરાવ કરશે?

"એ શ્રાપિતો, જે સર્વ કાળિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારૂ તૈયાર કીધેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ."—માત્થી ૨૫ : ૪૧.

અન્યાય કરનારા, તમે સર્વ મારી પાસેથી જાઓ. લુક ૧૩ : ૨૭. ભુસું ન હોલવાનાર અગ્નિમાં બાળી નાંખશે. લુક ૩ : ૧૭. જે કોઇએ મુસાનું નિયમશાસ્ત્ર ગણકારયું નહિ, તે દયા પામ્યા વગર મરણ પામતો; તો જેણે દેવના પુત્રને પગ તળે છુંદ્યો, ને કરારના જે લોહીથી પોતે પવિત્ર થયો હતો તેને અશુદ્ધ ગણ્યું, ને કૃપાના આત્માનું અપમાન કીધું, તે કેટલી વધતી કઠણ સજા યોગ્ય થશે, તે વિષે તમને શું લાગેછે? હેબ્રી. ૧૦ : ૨૮, ૨૯.

૧૧૧. ન્યાયીઓને શું કહેશે?

"મારા બાપના આશીર્વાદિતો તમે આવો, જે રાજ્ય જગતનો પાયો

મારા બાપે મને રાજ્ય ઠરાવી આપ્યું, તેમ હું તમને તે ઠરાવી આપુંછું. લુક ૨૨: ૨૯. આંખે જે જોયું નથી, ને કાને જે સાંભળ્યું નથી, ને માણસના મનમાં જે પેઠું નથી,

નાંખ્યા અગાઉ તમારે સારૂ તૈયાર કરેલું છે તેનો વારસો લો."–માત્થી ૨૫ : ૩૪. દેવે પોતાના પ્રેમ કરનારાઓને સારૂ જે સિદ્ધ કરચું છે. ૧ કરીંથી. ૨ : ૯.

૧૧૨. ત્યાર પછી શું થશે?

અગ્નિથી પૃથ્વીનો નાશ થશે, દુષ્ટો સર્વકાળિક શાસનમાં જશે, પણ ન્યાયીઓ સર્વકાળિક જીવનમાં જશે.

આકાશો સળગીને વિઘરાઈ જશે તથા તત્વો બળીને પીગળી જશે. ૨ પીતર ૩:૧૨. પૃથ્વી તથા તેપરનાં કામો બાળી નંખાશે. ૨ પીતર ૩ : ૧૦. અમણાનાં આકાશ તથા પૃથ્વી તેજ શબ્દથી ન્યાયકાળ તથા અભક્ત માણસોના નાશના દિવસસુધી રાખેલાં છતાં બાળવા સારૂ સિદ્ધ મુકાયલાં છે. ૨ પીતર ૩ : ૭.

વધારો.

બાપ્તિસ્માનો કરાર.

૧. શેતાન તથા તેનાં સર્વ કામો; દુનિયાનો વ્યર્થ દમામ તથા મહિમા, અને તેની સર્વ લોભી ઇચ્છાઓ તથા દૈહિક કુઇચ્છાઓ, હું ત્યાગ કરૂંછું, એટલે કે હું તેઓની પાછળ ન ચાલીશ અથવા તેઓથી ન દોરાઇશ.

૨. સર્વ સમર્થ પરમેશ્વર બાપ, આકાશ પૃથ્વીનો કર્ત્તા; અને ઇશુ ખ્રીસ્ત તેનો એકાકીજનિત દીકરો આપણો પ્રભુ, જે પવિત્રાત્માથી ગર્ભે રહ્યો, મરીયમ કુંવારીથી જન્મ્યો, પોંતીઅસ પીલાતની હકૂમતમાં દુઃખ વેઠયું; વધસ્તંભે જડાયો, મુઓ, તથા દટાયો; તે ત્રીજે દહાડે મુએલામાંથી ઉઠયો; તે આકાશમાં ચઢી ગયો, ને સર્વ સમર્થ પરમેશ્વર બાપને જમણે હાથે બેસે છે; ત્યાંથી તે જીવતાઓનો તથા મુએલાનો ન્યાય ઠરાવવા સારૂ આવશે; આ બધાને હું માનુંછું.
વળી પવિત્ર આત્મા; પવિત્ર સાર્વત્રિક મંડળી; પવિત્રોનો સત્સંગ; પાપોની માફી; શરીરનું પુનરૂત્થાન, તથા અનંત જીવન, આ બધાને હું માનુંછું. આમેન.

૩. આ વિશ્વાસમાં બાપ્તિસ્મા થયા પછી, પરમેશ્વર મારો મદદગાર છતાં, હું આજ્ઞાધીનપણાથી પરમેશ્વરની પવિત્ર ઇચ્છા ને આજ્ઞાઓ પાળીશ, અને આખી જીંદગી સુધી આપ્રમાણે ચાલીશ.

---

૧. શેતાન તથા તેનાં સર્વ કામો;	૧ યો. ૩ : ૮–૧૦; યો. ૮: ૪૪; યાકુ. ૪; એફે. ૪: ૨૭.
દુન્યાનો વ્યર્થ દમામ તથા મહિમા, અને તેની સર્વ લોભી ઇચ્છાઓ	યો. ૨ : ૧૫, ૧૬; રૂમી. ૧૨ : ૨.
તથા દૈહિક કુઇચ્છાઓ,	રૂમી. ૮ : ૧૩; ગલા. ૫: ૨૪.
હું ત્યાગ કરૂંછું,	એફે. ૫ : ૧૧; દૃષ્ટા. ૪:૧૪, ૧૫; ૨ કરીંથી. ૬: ૧૪, ૧૫.
એટલે કે હું તેઓની પાછળ ન ચાલીશ, અથવા તેઓથી ન દોરાઇશ.	ઉપરના પ્રમાણો જુઓ.

૨. સર્વ સમર્થ	પ્રકટી. ૪ : ૮; ઉત્પત્તિ ૧૭ : ૧.
પરમેશ્વર બાપ,	૧ કરીંથી. ૮ : ૬ ; યશા. ૬૪: ૮; મલા. ૨ : ૧૦.
આકાશ પૃથ્વીનો કર્ત્તા;	ઉત્પત્તિ ૧ : ૧; નહે. ૯: ૬ ; પ્રે. ૪ : ૨૪.
અને ઇશુ ખ્રીસ્ત	૧ કરીંથી. ૮ : ૬; લુક ૨: ૨૧ ; યો. ૧ : ૪૧ ; પ્રે. ૧૬ : ૩૧ .
તેનો એકાકીજનિત દીકરો	યો. ૩ : ૧૬ ; માત્થી ૩ : ૧૭; યો. ૧ : ૧૮.
આપણો પ્રભુ,	યો. ૧૩ : ૧૩; યો. ૨૦: ૧૮.
જે પવિત્રાત્માથી ગર્ભે રહ્યો,	માત્થી ૧ : ૧૮ , ૨૦; લુક ૧ : ૩૫.
મરીયમ કુંવારીથી જન્મ્યો,	લુક ૨ : ૪–૭; યશા. ૭ : ૧૪. મીકા.૫ : ૨; માત્થી ૧:૨૨, ૨૩.
પોંતીઅસ પીલા-	માર્ક ૧૫ : ૧૫ ; યશા. ૫૩ :

તની હકૂમતમાં દુઃખ વેઠયું;	૪, ૫; દાની. ૯: ૨૬; માત્થી ૨૭: ૧, ૨, ૨૪-૩૨.
વધસ્તંભે જડાયો,	માર્ક ૧૫: ૨૫-૨૮; માત્થી ૨૭: ૪૫, ૪૬; યો. ૩: ૧૪, ૧૫; ૧ કરીંથી. ૧: ૨૩; ગલા. ૬: ૧૪.
મુઓ,	યો. ૧૯: ૩૩; લુક ૨૩: ૪૬; માર્ક ૧૫: ૩૮, ૩૯.
તથા દટાયો;	યો. ૧૯: ૪૧, ૪૨; માત્થી ૨૭: ૫૭-૬૦; યશા. ૫૩: ૯.
ત્રીજે દહાડે મુએલામાંથી ઉઠયો;	લુક ૨૪: ૫-૭; યો. ૨: ૧૯; માત્થી ૧૨: ૪૦; ૨૮: ૧, ૨; પ્રે. ૨: ૨૪, ૩૦; ૧ કરીંથી. ૧૫: ૪, ૧૪.
તે આકાશમાં ચઢી ગયો, ને સર્વસમર્થ પરમેશ્વર બાપને જમણે હાથે બેસે છે;	પ્રે. ૧: ૯-૧૧; માર્ક ૧૬: ૧૯; લુક ૨૪: ૫૧; પ્રે. ૭: ૫૫, ૫૬; ગી. ૬૮: ૧૮; હેબ્રી. ૧૦: ૧૨.

ત્યાંથી તે જીવતાઓનો તથા મુએલાનોન્યાયઠરાવવા સારૂ આવશે; આ બધાને હું માનુંછું.	માત્થી ૨૫: ૩૧-૩૩; પ્રે. ૧: ૧૧; ૧૦: ૪૨; ૨ તીમો. ૪: ૧, ૮; અયૂ. ૧૯: ૨૫; માત્થી ૧૬: ૨૭.
વળી પવિત્ર આત્મા;	પ્રે. ૨: ૨-૪; ૨ કરીંથી. ૧૩: ૧૪; પ્રે. ૫: ૩, ૪; યો. ૧૪: ૧૬, ૧૭, ૨૬.
પવિત્ર સાર્વત્રિક મંડળી; પવિત્રોનો સત્સંગ;	૧ કરીંથી. ૧૨: ૧૨, ૧૩; પ્રે. ૨: ૪૪-૪૭; રૂમી. ૧૨: ૪, ૫; એફે. ૨: ૧૯, ૨૦; ૫: ૨૩-૨૭; ૧ તીમો. ૩: ૧૫; હેબ્રી. ૧૨: ૨૨, ૨૩.
પાપોની માફી;	૧ યો. ૨: ૧, ૨. યશા. ૧: ૧૮; માત્થી ૬: ૧૪, ૧૫; પ્રે. ૧૩: ૩૮; કલ. ૧: ૧૪.
શરીરનું પુનરૂત્થાન,	૧ કરીંથી. ૧૫: ૨૧, ૨૨; યો. ૫: ૨૮, ૨૯; ૧ કરીંથી. ૧૫: ૪૨-૪૪; અયૂ. ૧૯: ૨૬, ૨૭.

તથા અનંત જીવન, આ બધાને હું માનુંછું. આમેન.	માત્થી ૨૫ : ૪૬; યશા. ૨૫: ૮; ૧ કરીંથી. ૧૫: ૫૪; દાની. ૧૨: ૨; યો. ૧૦: ૨૭, ૨૮.
૩. આ વિશ્વાસમાં બાપ્તિસ્મા થયા પછી, પરમેશ્વર મારો મદદગાર છતાં,	યો. ૧૫: ૫; ફિલિ. ૪: ૧૩; માત્થી ૨૮: ૨૦; હેબ્રી. ૧૩: ૫, ૬.
હું આજ્ઞાધીનપણાથી પરમેશ્વરની પવિત્ર ઇચ્છા ને આજ્ઞાઓ પાળીશ,	યો. ૧૪: ૧૫; યો. ૧૪: ૨૪; રૂમી. ૬: ૩, ૪, ૬, ૧૧.
અને આખી જીંદગી સુધી આ પ્રમાણે ચાલીશ.	માત્થી ૧૦: ૨૨.

સમાપ્ત.